RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા સુદ -૧૧ ગુરૂવાર, તા.૨૯-૦૧-૨૦૨૬ અંક : ૨૫ વર્ષ : ૨૧ jamnagar@aaspassaindia.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

# ચાંદીનો ભાવ વધીને ૪ લાખને પાર : સોનુ ૨ લાખ નજીક

## સોના,ચાંદી સહિતની ધાતુઓમાં જોરદાર તેજી : બજાર ખુલતાની સાથે ચાંદીના ભાવમાં ૪.૩૨ ટકા અને સોનાના ભાવમાં ૮.૯૫ ટકાનો તોતિંગ ઉછાળો

મુંબઈ,

સોનુ અને ચાંદી હાલમાં સામાન્ય વર્ગ માટે દુર્લભ ધાતુ બની રહી છે.બંને ધાતુઓની કિંમતમાં અસામાન્ય વધારો થઈ રહ્યો છે.

વૈશ્વિક બજારમાં કિંમતી ધાતુઓની માગમાં થયેલા પ્રચંડ વધારાને કારણે ભારતીય કોમોડિટી માર્કેટમાં આજે ઐતિહાસિક રેકોર્ડ સર્જાયો છે. આજે બજાર ખુલતાની સાથે જ ચાંદીએ ઈતિહાસ રચતા પ્રથમવાર ભાવ પ્રતિ કિલોએ




રૂ.૪,૦૦,૦૦૦ ની ઐતિહાસિક સપાટી વટાવી દીધી છે.

એમસીએક્સ પર ચાંદીનો વાયદો ૩,૯૯,૦૦૦ ના ભાવે ખૂલ્યો હતો અને જોતજોતામાં ૪,૦૭,૪૫૬ ની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો. અગાઉના ૩,૮૫,૩૬૬ ના બંધ ભાવની સરખામણીએ ચાંદીમાં આજે કુલ ૧૬૬૩૪ એટલે કે ૪.૩૨ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે.

બીજી તરફ સોનાના ભાવમાં પણ રોકાણકારોને સ્તબ્ધ કરી દે તેવી તેજી જોવા મળી છે. એમસીએક્સ પર સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧,૮૨,૪૬૭ ના ભાવે ખૂલ્યું હતું. કારોબાર દરમિયાન સોનું રૂ.૧,૯૩,૦૯૬ ના ઓલ-ટાઈમ હાઈ લેવલ પર પહોંચ્યું હતું, જે અગાઉના રૂ.૧,૭૭,૧૫૩ ના બંધ ભાવ સામે કુલ ૧૫,૯૪૩ એટલે કે ૮.૯૫%નો વધારો દર્શાવે છે. હાલમાં સોનું ૧,૯૩,૦૦૦ ની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે.બજારના નિષ્ણાતોના મતે, આ તેજી પાછળ અનેક વૈશ્વિક અને સ્થાનિક પરિબળો જવાબદાર છે. વિશ્વમાં યુદ્ધના ભણકારા અને ડૉલરની વધતી જતી વેલ્યૂને કારણે પણ સોના ચાંદી તરફ લોકો આકર્ષાઈ રહ્યા છે. લોકો ખાસ કરીને સેફ એસેટ્સ તરીકે સોના-ચાંદીને જોઈ રહ્યા છે.

# કેન્દ્રીય બજેટ પહેલા શેરબજારમાં ગાબડું : સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટ અને નિફ્ટીમાં ૧૫૬ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ

સંસદના બજેટ સત્રમાં કેન્દ્રીય બજેટ પહેલા જ આજે શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. સેન્સેક્સ ૫૭૦ પોઈન્ટના ઘટાડા સાથે ૮૧૭૭૦ ના સ્તરે કારોબાર કરી રહ્યો છે, જ્યારે નિફ્ટી ૧૫૬ પોઈન્ટ તૂટીને ૨૫૧૮૬ પર પહોંચી ગયો છે. બેંક નિફ્ટીમાં પણ ૧૬૮ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે. BSE સેન્સેક્સના ટોચના ૩૦ શેરોમાંથી ૨૩ શેરો લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા છે, જેમાં મારુતિ અને ઈન્ડિગો જેવા શેરમાં ઘટાડો.શેરબજારમાં આ ઘટાડા પાછળ નિષ્ણાતો ત્રણ મુખ્ય કારણો ગણાવી રહ્યા છે. જેમાં વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવી રહેલી સતત વેચવાલી અને છેલ્લા બે દિવસની તેજી બાદ રોકાણકારો દ્વારા કરવામાં આવેલી નફા વસૂલી છે.રૂપિયાનું ઐતિહાસિક સ્તરે પહોંચેલું અવમૂલ્યન છે; ડોલર સામે રૂપિયો ૯૨ ના સ્તરને પાર કરી ગયો છે.

આગામી બજેટને લઈને રોકાણકારોમાં જોવા મળી રહેલી સાવચેતી છે, જેના કારણે તેઓ જોખમી એસેટ્સમાંથી નાણાં ખેંચીને સોના-ચાંદી જેવા સુરક્ષિત વિકલ્પો તરફ વળી રહ્યા છે.

# ‘દાદા’ હવે લોકોના દિલમાં વસ્યા : અજિત પવારનો નશ્વર દેહ પંચ મહાભૂતમાં વિલીન

## બારામતી ખાતે યોજાયેલ અંતિમયાત્રામાં સમગ્ર શહેર ઉમટ્યું : રાષ્ટ્રીય નેતાઓની ઉપસ્થિતિમાં કરાઈ અંતિમવિધિ

બારામતી

મહારાષ્ટ્રના રાજકારણના કદાવર નેતા અને લાખો કાર્યકરોમાં ’દાદા’ તરીકે લોકપ્રિય અજિત પવારના પાર્થિવ દેહની આજે અંતિમવિધિ કરવામાં આવી હતી. બારામતીના કાટેવાડી સ્થિત તેમના નિવાસસ્થાનેથી જ્યારે તેમની અંતિમ યાત્રા નીકળી ત્યારે વાતાવરણ અત્યંત ગમગીન બની ગયું હતું. મહારાષ્ટ્રના વિકાસમાં તેમના યોગદાનને ક્યારેય ભૂલી શકાય તેમ નથી, તેવા નેતાને વિદાય આપવા માટે આખું બારામતી રસ્તા પર ઉતરી આવ્યું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.



અજિત પવારની અંતિમ યાત્રા આશરે ૬ કિલોમીટરનું અંતર કાપીને સ્મશાન ભૂમિ પહોંચી હતી.આ યાત્રામાં હજારોની સંખ્યામાં સમર્થકો, પક્ષના કાર્યકરો અને સામાન્ય જનતા જોડાયા હતા. કાર્યકરોએ ભારે હૈયે ’અજિત દાદા અમર રહે’ના નારા લગાવ્યા હતા. તેમને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે વિદાય આપવામાં આવી હતી. રસ્તાની બંને બાજુ ઉભેલા લોકો પુષ્પવર્ષા કરીને તેમના લોકપ્રિય નેતાને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આ દુ:ખદ અવસરે રાષ્ટ્રીય સ્તરના નેતાઓ પણ અજિત પવારને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી, અન્ય કેબિનેટ મંત્રીઓ અને વિપક્ષી નેતાઓ પણ આ અંતિમ વિધિમાં ભાગ લેવા માટે બારામતી પહોંચી ગયા હતા. સુરક્ષાને ધ્યાનમાં રાખીને સમગ્ર બારામતીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. એક કુશળ પ્રશાસક અને જમીની નેતા તરીકે અજિત પવારની ખોટ મહારાષ્ટ્રના રાજકારણમાં હંમેશા વર્તાશે.

# સતત સુધારો, પ્રદર્શન અને પરિવર્તન થકી દેશનો વિકાસ વેગવંતો બન્યો : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેનો મુક્ત વેપાર કરાર ભવિષ્યમાં ભારતીય યુવાનો માટે ઉજ્જવળ ભવિષ્યનું પ્રતિનિધિત્વ કરશે : બજેટ સત્ર પહેલા પ્રધાનમંત્રીએ વ્યક્ત કર્યો આશાવાદ

નવી દિલ્હી

આર્થિક સર્વેક્ષણ પહેલાં પોતાના વડા પ્રધાન મોદીએ આજે કહ્યું છે કે આ સમયે રાષ્ટ્રનું ધ્યાન કેન્દ્રીય બજેટ પર કેન્દ્રિત થવું સ્વાભાવિક છે, કારણ કે તે દેશની આર્થિક દિશા અને વિકાસની પ્રાથમિકતાઓ નક્કી કરે છે. જોકે, સરકારની ઓળખ ફક્ત બજેટ સુધી મર્યાદિત નથી. છેલ્લા વર્ષોમાં, સરકારે "સુધારો, પ્રદર્શન અને પરિવર્તન" ની નીતિ દ્વારા દેશના વિકાસને નવી ગતિ આપી છે.

વડા પ્રધાને કહ્યું કે ભારત હવે સુધારાઓની "સુધારા એક્સપ્રેસ" પર ઝડપથી આગળ વધી રહ્યું છે. સુધારાઓની આ યાત્રા ફક્ત સરકાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ સંસદના તમામ સભ્યોના સકારાત્મક સમર્થનથી સતત મજબૂત થઈ રહી છે. સંસદમાં તેમના તમામ સાથીદારોનો આભાર વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે તેમના સહયોગ અને સકારાત્મક ઉર્જાને કારણે, સુધારાઓની આ "સુધારા એક્સપ્રેસ" સતત ગતિ પકડી રહી છે. દેશ હવે લાંબા સમયથી ચાલતી સમસ્યાઓના અવકાશથી આગળ વધી રહ્યો છે અને સ્થાયી અને લાંબા ગાળાના ઉકેલો તરફ આગળ વધી રહ્યો છે.

વડા પ્રધાન મોદીએ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે મુક્ત વેપાર કરારને આત્મનિર્ભર અને સ્પર્ધાત્મક ભારત તરફ એક મુખ્ય પગલું ગણાવ્યું. તેમણે જણાવ્યું હતું કે આ કરાર દેશ માટે ઉજ્જવળ ભવિષ્ય અને ભારતીય યુવાનો માટે નવી શક્યતાઓનો સંકેત આપે છે. પીએમ મોદીએ કહ્યું, મને વિશ્વાસ છે કે આ કરાર આત્મવિશ્વાસપૂર્ણ, સ્પર્ધાત્મક અને ઉત્પાદક ભારત તરફ એક મોટું પગલું છે. વર્તમાન ત્રિમાસિક ગાળાની શરૂઆત ખૂબ જ સકારાત્મક રીતે થઈ છે, અને આજે, એક આત્મવિશ્વાસપૂર્ણ ભારત વિશ્વ માટે આશાના કિરણ તરીકે ઉભરી આવ્યું છે.પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેનો મુક્ત વેપાર કરાર ભવિષ્ય માટે અને ભારતીય યુવાનો માટે ઉજ્જવળ ભવિષ્યનું પ્રતિનિધિત્વ કરે છે.



હિન્દુ સંસ્કૃતિ એટલે એકતામાં વિવિધતા,ધર્મની સાથે સંસ્કૃતિને પણ વણી લેવામાં આવી છે.ભારતના ચેન્નાઈ ક્ષેત્રમાં થાઈ કૃતિગાઈના હિન્દુ તહેવારની ઉજવણી માટે ધાર્મિક શોભાયાત્રા દરમિયાન લોકો દોરડા પર ઝૂલે છે.

# કોલંબિયામાં વિમાન દુર્ઘટનામાં સાંસદ સહિત ૧૫ લોકોના મોત

## ઉડાન ભર્યા બાદ વિમાન રહસ્યમયરીતે ગુમ થયા બાદ વિમાનનો માત્ર કાટમાળ હાથ લાગ્યો

કુકુટા,કોલંબિયા

કોલંબિયામાં સર્જાયેલી એક ભયાનક વિમાન દુર્ઘટનામાં સાંસદ સહિત તમામ ૧૫ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. કોલંબિયામાં કુકુટાથી ઓકાણા જઈ રહેલું 'Beechcraft 1900' નામનું કોમર્શિયલ વિમાન બુધવારે સવારે ૧૧:૪૨ વાગ્યે ઉડાન ભર્યા બાદ રહસ્યમય રીતે ગુમ થઈ ગયું હતું.

ઉડાનના થોડા સમય બાદ અને લેન્ડિંગની માત્ર ૧૧ મિનિટ પહેલા જ રડાર સાથેનો તેનો સંપર્ક તૂટી ગયો હતો. રાજ્ય એરલાઈન અનુસાર, વિમાનનો છેલ્લો સંપર્ક ’કેટટુમ્બો’ ક્ષેત્ર ઉપર નોંધાયો હતો,




ત્યારબાદ વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.સઘન શોધખોળ બાદ બચાવ ટીમોને વિમાનનો કાટમાળ કેટટુમ્બોના અત્યંત દુર્ગમ અને પહાડી વિસ્તારમાંથી મળી આવ્યો છે. સ્થાનિક મીડિયા અને એરલાઈન સત્તાવાળાઓએ પુષ્ટિ કરી છે કે આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ ૧૩ મુસાફરો અને ૨ ક્રૂ મેમ્બર્સ સહિત કુલ ૧૫ લોકોના મોત થયા છે. આ વિસ્તાર ઊબડ-ખાબડ પહાડો અને ખરાબ હવામાન માટે જાણીતો હોવાથી બચાવ કામગીરીમાં ટીમોને ભારે પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

આ દુર્ઘટનામાં કોલંબિયાની સંસદ (ચેમ્બર ઓફ ડેપ્યુટીઝ) ના સભ્ય ડિયોજેનેસ કિંતેરો અને આગામી ચૂંટણીના ઉમેદવાર કાર્લોસ સાલ્સેડોનું પણ નિધન થયું છે.

સાંસદ વિલમર કેરિલોએ આ અંગે ઘેરો શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તેમના સાથી કિંતેરો અને તેમની ટીમ આ વિમાનમાં મુસાફરી કરી રહી હતી. તપાસકર્તાઓ હવે મલબાની તપાસ કરી રહ્યા છે જેથી અકસ્માત પાછળ ટેકનિકલ ખામી હતી કે ખરાબ હવામાન તે જાણી શકાય.

કોલંબિયાની સિવિલ એવિએશન એજન્સીએ અકસ્માતના કારણોની તપાસ માટે ઉચ્ચ સ્તરીય ટીમની રચના કરી છે. સરકારે મૃતકોના પરિજનોની સહાયતા માટે વિશેષ હેલ્પલાઈન નંબર પણ જારી કર્યો છે. હાલમાં એરોસ્પેસ ફોર્સ અને નાગરિક ઉડ્ડયન સત્તાવાળાઓ ઘટનાસ્થળે પુરાવા એકત્રિત કરી રહ્યા છે.

# દિલ્હીમાં પાંચ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી એલર્ટ

નવી દિલ્હી

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પાંચ શાળાઓને આજે સવારે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી, જેના કારણે શાળાના પરિસર ખાલી કરાવવામાં આવ્યા હતા અને સુરક્ષા એજન્સીઓએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. દિલ્હી ફાયર સર્વિસે પુષ્ટિ આપી હતી કે દિલ્હી કેન્ટમાં લોરેટો કોન્વેન્ટ, ચિત્તરંજન પાર્કમાં ડોન બોસ્કો અને આનંદ નિકેતન અને દ્વારકામાં કાર્મેલ કોન્વેન્ટને ધમકીઓ મળી છે. લોધી એસ્ટેટમાં સરદાર પટેલ વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓને સુરક્ષા ધમકી અંગે સંદેશ મોકલીને જાણ કરવામાં આવી હતી. પોલીસ અને ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી, જેના પગલે શાળા ખાલી કરાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી અને તોડફોડ વિરોધી તપાસ હાથ ધરવામાં આવી હતી. ડીએફએસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, અમારી ટીમો સ્થળ પર હાજર છે અને પ્રમાણભૂત પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી કંઈ શંકાસ્પદ મળ્યું નથી, જોકે સર્ચ ઓપરેશન ચાલુ છે.

# અમેરિકા પછી હવે સાઉથ આફ્રિકા પણ ભારત ઉપર ૫૦ ટકા ટેરિફ લાદે તેવી શક્યતા

## સાઉથ આફ્રિકાની ચીન અને ભારતથી દેશમાં આવતા વાહનો ઉપર ટેરિફ લાદવાની તૈયારી

નવી દિલ્હી

અમેરિકા બાદ ભારત પર સાઉથ આફ્રિકા ૫૦ ટકા ટેરિફ લગાવે તેવી શકયતા છે. આ અંગે મળતી માહિતી મુજબ સાઉથ આફ્રિકા ભારત અને ચીનમાંથી આયાત કરતા વાહનો પર ભારે ટેરિફ લાદી શકે છે. આ અંગે અકે અહેવાલના જણાવ્યા અનુસાર સાઉથ આફ્રિકાનો વેપાર, ઉદ્યોગ અને સ્પર્ધા વિભાગ આની સમીક્ષા કરી રહ્યો છે. સાઉથ આફ્રિકા ચીન અને ભારતથી દેશમાં આવતા વાહનો પર આ ટેરિફ લાદવા માંગે છે કારણ કે તે સ્થાનિક ઓટોમોબાઈલ કંપનીઓ વધતી જતી વાહન આયાતની અસરથી ચિંતિત છે અને તેના ઉપાય પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

અહેવાલ મુજબ, આ દેશોમાંથી વાહનોના પ્રવાહને રોકવા અથવા ઘટાડવાનો પ્રયાસ કરવા માટે આંતરિક સમીક્ષા ચાલી રહી છે, જેનાથી સ્થાનિક કંપનીઓને ફાયદો થશે. નીતિ નિર્માતાઓનો દલીલ છે કે આ પગલાથી સ્થાનિક ઉદ્યોગમાં સ્પર્ધા ઓછી થશે, જેનો સ્થાનિક કંપનીઓને ફાયદો થશે.

આ વિભાગ ખાસ કરીને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનના મોસ્ટ ફેવર્ડ નેશન માર્ગદર્શિકા સાથે આયાત જકાત લાવવા માટે હાલની જકાત યાદીમાં સુધારાઓની તપાસ કરી રહ્યું છે. વાહનના ભાગોની આયાત માટે પણ જકાત વધારવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે.

હાલના ડેટા અનુસાર, ભારત અને ચીન દક્ષિણ આફ્રિકાને વાહનોના બે સૌથી મોટા આયાતકાર છે. વર્ષ ૨૦૨૪ માં કુલ વાહન આયાતમાં ભારત અને ચીનનો હિસ્સો અનુક્રમે ૫૩ ટકા અને ૨૨ ટકા હતો. આ નોંધપાત્ર બજાર હિસ્સાને કારણે દક્ષિણ આફ્રિકાના સ્થિતીનું મૂલ્યાંકન કરી રહ્યું છે.

# બારામતી વિમાન દુર્ઘટના : ક્રેશ થયેલા વિમાનનું બ્લેકબૉક્સ મળ્યું

## વિમાન દુર્ઘટનાની તપાસ માટે વિશેષ ટીમની રચના કરાઈ

મુંબઈ

બારામતીમાં અજિત પવારને લઈ જતી વખતે ક્રેશ થયેલા વિમાન લર્નજેટનું બ્લેક બોક્સ મળી આવ્યું છે. હવે તેના આધારે સાચી દિશામાં તપાસ થઇ શકશે કે વિમાન ક્રેશ થયા પહેલા છેલ્લી ઘડીએ કઈ ઘટનાઓ બની હતી.

આ વિમાન દુર્ઘટનાની તપાસ એએઆઈબીની એક વિશેષ ટીમ કરશે. આ દુર્ઘટનામાં અજીત પવાર ઉપરાંત પાયલોટ અને કો પાયલોટ સહિત પાંચ લોકોના પણ મુત્યુ થયા છે. એક ન્યુઝ એજન્સીના જણાવ્યા અનુસાર તપાસ ટીમ વિમાનના ફ્લાઈટ રેકોર્ડર, ગ્રાઉન્ડ પ્રોક્સિમિટી વોર્નિંગ સિસ્ટમ અને ડિજિટલ એન્જીન ઇલેક્ટ્રોનિક સિસ્ટમ જપ્ત કરવામાં આવશે. વિમાન સંચાલક કંપની પાસેથી વિમાનના એરફ્રેમ અને એન્જીનની લોગબુક્સ, ઓન બોર્ડ ડોક્યૂમેન્ટ અને પાંચ મહત્વના રેકોર્ડ નોંધવામાં આવશે. નાગરિક ઉડયન મહા નિદેશાલય (ડીજીસીએ) પાસેથી વિમાન અને ક્રુ સંબંધિત દસ્તાવેજ, રડાર ડેટાનું રેકોર્ડિંગ, સીસી ટીવી ફૂટેજ, એટીસી ટેપ રેકોર્ડિંગ અને હોટલાઇન કોમ્યુનિકેશન રેકોર્ડ પણ મેળવવામાં આવશે. તપાસ ટીમ લેયર જેટ -૪૫ વિમાનના તમામ રેકોર્ડનું વિશ્લેષણ કરશે જે એક પ્રાઈવેટ ચાર્ટડ વિમાન હતું.

# ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં દારૂની મહેફિલ, વિદેશી દારૂની ખાલી બોટલો મળતા વિવાદ

## યુનિવર્સિટી હોસ્ટેલના પાછળના ભાગસ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ વિસ્તારમાં ૧૦૦થી વધુ વિદેશી દારૂની ખાલી બોટલ મળી આવી

,અમદાવાદ,

શિક્ષણના ધામને શર્મસાર કરતી વધુ એક વિવાદિત ઘટના બની છે. રાજ્યની સૌથી મોટી સરકારી યુનિવર્સિટી એવી ગુજરાત યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. યુનિવર્સિટી હોસ્ટેલના પાછળના ભાગે જ્યાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ આવેલું છે તે વિસ્તારમાં ૧૦૦થી વધુ વિદેશી દારૂની ખાલી બોટલ મળી આવી છે. જો કે આ પ્રકારે દારૂની ખાલી બોટલ મળવાની ઘટના પ્રથમવાર નથી. અગાઉ પણ આ પ્રકારે દારૂની ખાલી બોટલ અને ગાંજાનો છોડ મળ્યો હતો. ત્યારે વધુ એકવાર સરસ્વતીના ધામમાં દારૂની મહેફિલ ચાલતી હોવાના અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલના ડી બ્લોકના ધાબા પર દારૂની ખાલી બોટલ મળી આવ્યાના વીડિયો સામે આવ્યા બાદ ચેક કરતા હોસ્ટેલના પાછળના ભાગે ઢગલાબંધ વિદેશી બ્રાન્ડની દારૂની ખાલી બોટલો મળી આવી હતી. આટલી મોટી માત્રામાં દારૂની ખાલી બોટલ મળવી એ ગુજરાત યુનિવર્સિટી માટે એક ગંભીર ઘટના છે. તપાસ કરતા કચરામાં ૧૦૦થી વધુ દારૂની ખાલી બોટલ જોવા મળી. એટલે ક્યાંકને ક્યાંક ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ કે યુનિવર્સિટીનો સ્ટાફ શંકાના દાયરામાં આવી છે.

આ મામલે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈએ યુનિવર્સિટી સત્તાધીશોનો વિરોધ નોંધાવ્યો છે. સાથે આક્ષેપ કર્યો છે કે યુનિવર્સિટી દ્વારા સિક્યુરિટી માટે લાખો રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે છતાં સિક્યુરિટી જોવા મળતી નથી. આટલી મોટી માત્રામાં દારૂની બોટલો મળી આવી છે એનો મતલબ એ છે કે અહીં દારૂની મહેફિલ થતી હશે તો સિક્યુરિટી શું કરે છે તે પણ એક મોટો સવાલ છે.

સાથે જ સફાઈનો પણ લાખો રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે તો પછી સફાઈ કર્મીઓ શું કરે છે તે પણ સવાલ છે. મહત્વનું છે કે અગાઉ પણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી તે સમયે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ હાજર હતા.

# ભાજપનું ૨૮ ફેબ્રુઆરી સુધી વીબી-જી રામ જી જનજાગરણ અભિયાન

## રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો સહિત સ્થાનિક સ્તર સુધીની ચુંટાયેલ પાંખ, સંગઠનના પદાધિકારીઓથી બુથ સ્તર સુધીના મેદાનમાં ઉતર્યા

અમદાવાદ,

ભાજપે સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વ કવાયત તેજ કરી દીધી છે. ભાજપે તાજેતરમાં આવેલા વીબી-જી રામ જી (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન) જનજાગરણ અભિયાન થકી ગ્રાઉન્ડ મજબૂત કરવા માટેની કવાયત તેજ કરી દીધી છે.

આ અભિયાનના અંતર્ગત ભાજપ ૨૯ જાન્યુઆરી દરમિયાન તમામ જિલ્લાઓમાં પ્રવાસ ખેડશે. તેમજ ૧ ફેબ્રુઆરીથી ૫ તમામ મંડલોમાં પ્રચાર પ્રસાર કરશે. જ્યારે ૫ ફેબ્રુઆરીથીથી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન દરેક તાલુકામાં શ્રમિક સંમેલન યોજાશે. જેમાં વિશાળ સંખ્યામાં શ્રમિકો ઉપસ્થિત રહેશે. ૧૬થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ભાજપા કિસાન મોરચા દ્વારા ખેડૂત શ્રમિક ખાટલા બેઠકોનું ગ્રામ્ય સ્તરે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના મંત્રીઓ, પ્રદેશ પદાધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો તેમજ જિલ્લા ભાજપા પ્રમુખો અને જિલ્લા પંચાયતના પ્રમુખો તેમજ સંગઠન દ્વારા નિયુક્ત અભિયાનના જિલ્લાના સંયોજક અને સહ સંયોજક હાજરીમાં યોજશે.

આ અભિયાન અંતર્ગત ભાજપ વીબી-જી રામ જીમાં બિલ લોકો સમક્ષ પ્રચાર પ્રસાર કરશે. જેમાં ભાજપ વીબી-જી રામ જીમાં પારદર્શિતા અંગે લોકો સમક્ષ મૂકશે. તદુપરાંત મનરેગામાં ૧૦૦ દિવસના રોજગારની ગેરંટી હતી જ્યારે વીબી-જી રામ જીમાં ૧૨૫ દિવસની કામની ગેરંટી અંગે લોકોને વાકેફ કરશે. વાવણી અને લણણી સમયે શ્રમિક ખેતરમાં કામ કરી શકે તે માટે ૬૦ દિવસ યોજનાનાં કામોમાં વિરામ રાખવાની જોગવાઈ અંગે સમજાવશે. તદુપરાંત મનરેગામાં માત્ર માટીકામ, તળાવ ખોદવા, કાચા રસ્તાના મેટલકામ સહિતના માત્ર મજૂરી પ્રકારના કામ આપવામાં આવતા ત્યારે આ નવા અધિનિયમમાં જળ સુરક્ષા અને જળ સંરક્ષણ સબંધિત કામો, ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સબંધિત કામો, ખેતી, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, કૌશલ્ય વિકાસ સહિતના આજીવિકા વૃદ્ધિ સબંધિત કામો સમાવેશ અંગે માહિતગાર કરશે.

# અમદાવાદમાં યુવકે પરિણીતાને લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યો

## યુવકે લગ્ન કરવાની ના પાડતી પરિણીતાએ યુવક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમદાવાદ,

અમદાવાદના નારોલ વિસ્તારમાં યુવકે યુવતીને તેના પતિ સાથે ડિવોર્સ લઈને લગ્ન કરવાની લાલચ આપી અવારનવાર તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો. અંતે યુવકે યુવતી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી. જેથી પરિણીતાએ આ મામલે યુવક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

શહેરના નારોલ વિસ્તારમાં રહેતી યુવતી સાથે લગ્નની લાલચ આપીને અવારનવાર શારીરિક સંબંધ બાંધતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પતિ સાથે મનમેળ ના આવતા યુવતી છેલ્લા એક વર્ષથી તેના પતિથી અલગ રહે છે. ગત જૂન મહિનામાં તેની બહેનપણીના ઘરે આવતા તેનો સંપર્ક એક યુવક સાથે થયો હતો. બંન્ને વચ્ચે મિત્રાતા થતાં મોબાઈલ નંબરની પણ આપ-લે કરી હતી.

બાદમાં બીજે દિવસે યુવક, યુવતી અને મિત્રો રાજસ્થાન ફરવા માટે ગયા હતા. રાજસ્થાનથી પરત આવ્યા બાદ યુવતી તેની બહેનપણીને ત્યાં રોકાઈ હતી. આ દરમિયાન યુવકે તેને નારોલની એક હોટલમાં બોલાવી હતી. જ્યાં તેણે કહ્યું કે તું તારા પતિને ડિવોર્સ આપી દે તો હું તારી સાથે લગ્ન કરીશ. યુવકે લગ્ન કરવાની ખાતરી આપીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. બાદમાં યુવતી તેના વતન જતી રહી હતી.યુવક અને યુવતી વચ્ચે મોબાઈલ પર વાતચીત થતી હતી. આ દરમિયાન યુવકે ત્રણેક વખત અલગ અલગ સમયે યુવતીને નારોલ બોલાવીને હોટલમાં લઈ જઈ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. જ્યારે જુલાઈ મહિનામાં યુવકે યુવતીને વટવામાં એક ફ્લેટ ભાડે શોધી આપ્યો હતો. જ્યાં યુવક અને યુવતી બે મહિના જેટલો સમય સાથે રહ્યા હતા. ત્યારબાદ યુવક યુવતીને તેના ફ્લેટ પર રહેવા માટે લઈ ગયો હતો.

જોકે આ સમગ્ર મામલે યુવકના પરિવારજનોને જાણ થતા યુવકનું વર્તન બદલાઈ ગયું હતું. અને તેણે યુવતી સાથે બોલવાનું પણ ઓછું કરી દીધું હતું. યુવતીએ યુવકને લગ્ન કરવા માટે કહેતા યુવકે તેના ઘરના સભ્યો ના પાડે છે, જેથી હું તારી સાથે લગ્ન નહીં કરું તેમ કહીને લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો. જે બાબતની જાણ યુવતીએ પોલીસને કરતા નારોલ પોલીસે ફરિયાદ નોંધીને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

# અમદાવાદના યુવકે ફેસબુક લાઈવ કર્યા બાદ કેનાલમાં ઝંપલાવ્યું

અમદાવાદ,

અમદાવાદના નિકોલમાં રહેતા એક યુવકે દહેગામ પાસે આવેલી ઝાક-જલુન્દ્રા કેનાલમાં ઝંપલાવી આત્મહત્યાનો પ્રયાસ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મોતની છલાંગ લગાવતા પહેલા યુવકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર લાઈવ થઈને પોતાની આપવીતી જણાવી હતી. જોકે કેનાલમાં શોધખોળ કરવા છતા હજી યુવકનો પત્તો નહીં લાગતા પોલીસ ચોપડે સત્તાવાર નોંધ થઈ નથી. યુવક ગુજરાત સરકારના મંત્રીનો સંબંધી હોવાની ચર્ચા છે. અમદાવાદના નિકોલના ભાવેશ પટેલ નામનો યુવક આજે પોતાની કાર લઈને દહેગામ પાસે આવેલી ઝાક-જલુન્દ્રા કેનાલ પર પહોંચ્યો હતો. કેનાલમાં કૂદતા પહેલા તેણે કારમાં બેસીને ફેસબુક લાઈવ કર્યું હતું. જેમાં તેણે વીડિયોમાં સંજય બાલધા અને ગીરીશ બાલધા બે ભાઈઓ સામે સનસનીખેજ આક્ષેપો કર્યા હતા. ભાવેશના આક્ષેપો મુજબ પાણીનું બિલ ભરવા બાબતે અને પાણીનું કનેક્શન કાપી નાખવાની ધમકી આપીને સંજય બાલધા અને ગીરીશ બાલધા બે ભાઈઓ તેને સતત માનસિક ત્રાસ આપી રહ્યા હતા. આ બંને ભાઈઓની અવારનવારની ધમકીઓ અને માથાકૂટથી કંટાળીને તે આ અંતિમ પગલું ભરી રહ્યો હોવાનું તેણે વીડિયોમાં કબૂલ્યું હતું.

ભાવેશ પટેલે લાઈવ વીડિયોમાં ખૂબ જ ગમગીન અવસ્થામાં જણાવ્યું કે, તે સત્ય હકીકત દુનિયા સામે મૂકીને જઈ રહ્યો છે. તેણે પોલીસ તંત્રને નમ્ર અપીલ કરતા કહ્યું હતું કે, તેના ગયા પછી જવાબદાર બંને ભાઈઓ સામે સખતમાં સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. આ વીડિયો જોતજોતામાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ ઘટનાની જાણ થતા જ દહેગામ પોલીસનો કાફલો કેનાલ પર દોડી ગયો હતો. દહેગામ અને ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઉપરાંત બહીયલના સ્થાનિક તરવૈયાઓને પણ યુવકની શોધમાં જોડાયા હતાં. ઝાક-જલુન્દ્રાથી રાયપુર કેનાલ સુધીના અંદાજે બે કિલોમીટરથી વધુના પટ્ટામાં સર્ચ કરવામાં આવ્યું હતું. મોડી સાંજ સુધી યુવકનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

# અમદાવાદ એરપોર્ટ બાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં ફરી એકવાર ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી છે. આ પહેલા અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ સહિતની એજન્સીઓ દ્વારા તપાસ કરતા કંઈ મળી આવ્યું ન હતું. ત્યારબાદ અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેઈલ મળતા પોલીસ, ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ સહિતની એજન્સીઓ કોર્ટ પર પહોંચી છે અને તપાસ હાથ ધરી છે. આ પહેલા ૫ જાન્યુઆરીએ પણ અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.અમદાવાદ ગ્રામ્ય કોર્ટને ૫ જાન્યુઆરીએ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ ફરી એકવાર ધમકી મળતા સુરક્ષા એજન્સીઓમાં દોડધામ




મચી છે. અમદાવાદ પોલીસ, બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ સહિતની ટીમો કોર્ટ સંકુલમાં પહોંચી તપાસ હાથ ધરી છે.

આ પહેલા આજે સવારે અમદાવાદ એરપોર્ટને અજાણ્યા શખસે બોમ્બથી ઉડાવવાની ધમકી આપી હતી. આ શખસે ઈ-મેલ દ્વારા ધમકી આપીને જણાવ્યું હતું કે એરપોર્ટના લગેજ સેક્શનમાં બોમ્બ છે જે બ્લાસ્ટ થશે. ઈ-મેલ મળતા સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી, પરંતુ કંઈ ન મળતા ખોટો મેસેજ જાહેર કરવામાં આવ્યો હતો. આ અંગે એરપોર્ટ સિક્યુરિટી દ્વારા એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.૨૭ જાન્યુઆરી, ૨૦૨૬એ અમદાવાદ એરપોર્ટના ઈ-મેલ આઈડી પરથી અંબર દૂરહમ નામના ઈ-મેલથી એક મેલ આવ્યો હતો. સબ્જેક્ટમાં બોમ્બ બ્લાસ્ટ લગેજ સેક્શન લખ્યું હતું જે બાદ મેસેજમાં લખ્યું હતું કે"AHMEDABAD AirpO is Targª Bomb Blast luggage To Remind Sikhs are NOT Hinuds Modi- Shah Gujararu Terrorists Are Enemies Of khalistan REMOVE or FACE CONSEQUENCES". થ્રેટ મેલ મળતા જ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી. સુરક્ષા એજન્સીઓએ એરપોટમાં સઘન તપાસ કરી હતી. બોમ્બ થ્રેટ કમિટી પણ મળી હતી જેમણે તપાસ કરતા આ મેસેજ નોન સ્પેશિફિક બોમ્બ થ્રેટ જાહેર કરવામાં આવ્યો હતો. ખોટો મેસેજ હોવાથી એરપોર્ટ સિક્યુરિટીએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી છે. મહત્વનું છે કે ગત અઠવાડિયે જ અમદાવાદની ૧૫થી વધુ સ્કૂલોની બોમ્બથી ઉડાવવાની ધમકી મળી હતી.

# ફેબ્રુઆરીમાં ગુજરાતના વાતાવરણમાં મચશે ઉથલપાથલ

## હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગામી દિવસો માટે રાજ્યના વાતાવરણમાં મોટા ફેરફારોની આગાહી કરી



અમદાવાદ,

ગુજરાતના હવામાનને લઈને જાણીતા નિષ્ણાંત અંબાલાલ પટેલે નવી આગાહી કરી છે. આગામી દિવસોમાં રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થશે, જેમાં પશ્ચિમી વિક્ષેપને કારણે કમોસમી વરસાદ અને ત્યારબાદ ફરીથી કડકડતી ઠંડી પડવાની શક્યતા છે. અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, આજથી લઘુત્તમ તાપમાનમાં થોડો વધારો થતાં ઠંડીમાં ઘટાડો થશે. જો કે, ૨૮, ૨૯ અને ૩૦ જાન્યુઆરી દરમિયાન પશ્ચિમી વિક્ષેપ સક્રિય થતા વાતાવરણમાં પલટો આવશે.જેના કારણે ગુજરાત અને રાજસ્થાન સરહદના ભાગો અને મધ્ય પ્રદેશમાં સરહદના ભાગોમાં કમોસમી વરસાદ થવાની શક્યતા રહેશે.અંબાલાલ પટેલે કહ્યું કે, માવઠાની અસર ઓછી થતાની સાથે જ રાજ્યમાં ફરી એકવાર ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થવાની શક્યતા છે. પશ્ચિમી વિક્ષેપ હટતાની સાથે જ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાશે. રાજ્યના કેટલાક ભાગોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી ગગડી શકે છે, જ્યારે અન્ય વિસ્તારોમાં તે ૧૪ થી ૧૬ ડિગ્રી આસપાસ રહેશે. ખાસ કરીને ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં ઠંડીની અસર વધુ જોવા મળશે. મધ્ય ગુજરાતમાં પણ પારો નીચો જવાની શક્યતા છે જેમાં ઉત્તર ગુજરાતના, મધ્ય ગુજરાત, ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં છાંટા, કમોસમી વરસાદ થવાની શક્યતા રહેશે. ત્યારાબાદ રાજ્યમાં ફરી એકવાર અન્ય પશ્ચિમી વિક્ષેપ ૧૦ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન આવવાની શક્યતા રહેશે. જેના કારણે ફરી એકવાર વાદળછાયું વાતાવરણ અને પવનની ગતિમાં ફેરફાર જોવા મળશે. જેમાં ઉત્તર ગુજરાતના, મધ્ય ગુજરાત, ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં છાંટા, કમોસમી વરસાદ થવાની શક્યતા રહેશે. ત્યારાબાદ રાજયમાં ફરી એકવાર અન્ય પશ્ચિમી વિક્ષેપ ૧૦ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન આવવાની શક્યતા રહેશે. જેના કારણે ફરી એકવાર વાદળછાયું વાતાવરણ અને પવનની ગતિમાં ફેરફાર જોવા મળશે. બપોરના સમયે તાપમાન ૨૯ થી ૩૨ ડિગ્રી સુધી પહોંચતા ગરમીનો અનુભવ થશે, પરંતુ રાત્રિના સમયે હિમ પડવાની શક્યતા છે. વારંવાર બદલાતા આ મિશ્ર વાતાવરણને કારણે ખેડૂતોએ પાક સંરક્ષણ અને પિયત વ્યવસ્થાપન પર ખાસ ધ્યાન આપવું પડશે. વળી, ઠંડી અને ગરમીની બેવડી ઋતુને કારણે સ્વાસ્થ્યની સંભાળ રાખવી પણ એટલી જ અનિવાર્ય છે.

# સુરેન્દ્રનગર જિલ્લા ભાજપના યુવા આગેવાન પર નિવૃત્ત પોલીસકર્મીનો ગોળીબાર

## ભાજપના યુવા પ્રમુખ સત્યજીતસિંહ પરમારને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગરના મૂળી તાલુકામાં એક ભયાનક ઘટનાએ સ્થાનિક વિસ્તારમાં ખળભળાટ મચાવી દીધો છે. જિલ્લા પંચાયતના સદસ્યના પુત્ર અને ભાજપના યુવા પ્રમુખ સત્યજીતસિંહ પરમાર પર નિવૃત્ત પોલીસ કર્મચારી દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો.આ ઘટનામાં સત્યજીતસિંહને પગમાં ગંભીર ઈજા થઈ છે અને તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટના કાર પાર્કિંગના નાનકડા મુદ્દે થયેલી ઉગ્ર બોલાચાલીથી શરૂ થઈ હતી.આ બોલાચાલી ઝડપથી વધીને જૂની અદાવતમાં પરિવર્તિત થઈ ગઈ.નિવૃત્ત પોલીસ કર્મચારીએ ગુસ્સામાં આવીને બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. એક ગોળી માથાની નજીકથી મિસ ફાયર થઈ ગઈ, જ્યારે બીજી ગોળી સત્યજીતસિંહના પગમાં વાગી હતી.આ ગોળીબારથી સત્યજીતસિંહ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

ઘટના બન્યા બાદ તાત્કાલિક સ્થાનિક લોકોએ સત્યજીતસિંહને મૂળી ખાતેની પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જઈને પ્રાથમિક સારવાર અપાવી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે તેમને સુરેન્દ્રનગરની ટી.બી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

# ગુજરાતની સરકારી ઈજનેરી કોલેજમાં કાયમી આચાર્યની અછત : મોટા ભાગની જગ્યા ખાલી

## અનેક કોલેજમાં ઈન્ચાર્જ આચાર્યથી ચાલતો કોલેજનો વહીવટ

અમદાવાદ,

ગુજરાતમાં ૨૯ સરકારી પોલિટેકનિકમાં આચાર્ય જ નથી. રાજ્યભરની સરકારી ડિપ્લોમા અને ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોમાં આચાર્યની જગ્યાઓ ખાલી પડી છે. આગામી ત્રણ દિવસ પછી માત્ર એક ડિપ્લોમા કોલેજમાં કાયમી આચાર્ય રહેવાની શક્યતા છે, જ્યારે બાકીની તમામ સંસ્થાઓ ઈન-ચાર્જ આચાર્યો દ્વારા ચલાવવામાં આવશે.

AICTE ના નિયમો મુજબ નવી કોલેજોની મંજૂરી માટે આચાર્ય સહિત પૂરતો સ્ટાફ હોવો ફરજિયાત છે. જોકે, પૂર્ણકાલીન આચાર્યોની ગેરહાજરી અને સ્ટાફની અછત હોવા છતાં




સરકારી સંસ્થાઓ સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. રાજ્યની ૩૧ સરકારી ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજો (પોલિટેકનિક) માંથી હાલમાં માત્ર બે જ કોલેજોમાં પૂર્ણકાલીન આચાર્ય છે. જેમાંથી એક ત્રણ દિવસમાં નિવૃત્ત થવાના છે, જેના પરિણામે માત્ર એક જ કોલેજમાં કાયમી આચાર્ય બચશે.

સરકારી ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજોની વાત કરીએ તો, ૧૬ માંથી ૮ કોલેજોમાં કાયમી આચાર્ય છે, જ્યારે બાકીની ૮ આચાર્ય વગર કાર્યરત છે. તેમાં પણ એક આચાર્યએ સ્વૈચ્છિક નિવૃત્તિ માંગી હોવાથી, આગામી ત્રણ દિવસમાં આ સંખ્યા ઘટીને સાત થઈ જવાની ધારણા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોમાં પૂર્ણકાલીન આચાર્યની જગ્યા માટે પ્રમોશનની પ્રક્રિયા અગાઉ શરૂ કરવામાં આવી હતી, પરંતુ અકળ કારણોસર તેને સ્થગિત કરી દેવામાં આવી હતી. આ વિલંબને કારણે કોલેજો કાયમી નેતૃત્વ વગરની રહી ગઈ છે, જેની અસર શૈક્ષણિક વહીવટ અને લાંબા ગાળાના આયોજન પર પડી રહી છે. આ પરિસ્થિતિએ રાજ્યની ટેકનિકલ શિક્ષણ પ્રણાલીમાં શાસન અને નિયમનકારી ધોરણોના પાલન અંગે ચિંતા જન્માવી છે.

# આદ્યશક્તિના ધામ અંબાજીમાં ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ રચાશે

**પાલખી, ત્રિશુલ અને જ્યોત યાત્રાઓ સાથે અંબાજીમાં ભક્તિરસની વહેણ: યાત્રાળુઓ માટે વિશેષ વ્યવસ્થા**

પાલનપુર,

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ખાતે આગામી તા. ૩૦.૦૧.૨૦૨૬ થી તા. ૦૧.૦૨.૨૦૨૬ (મહા સુદ બારસ, તેરસ અને ચૌદસ) દરમિયાન ભવ્ય '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬' નું આયોજન કરાશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે વર્ષ ૨૦૦૮માં ગબ્બર પર્વત પર ૫૧ શક્તિપીઠ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું, જેનું લોકાર્પણ ફેબ્રુઆરી ૨૦૧૪માં થયું હતું. અંદાજે રૂ. ૬૧.૫૭ કરોડના ખર્ચે નિર્મિત આ પરિક્રમા માર્ગમાં ભારત સહિત પાકિસ્તાન, નેપાળ, શ્રીલંકા, તિબેટ અને બાંગ્લાદેશમાં સ્થિત મૂળ શક્તિપીઠોની આબેહૂબ પ્રતિકૃતિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેથી શ્રદ્ધાળુઓ એક જ સ્થળે તમામ ૫૧ શક્તિપીઠોના દર્શનનો લ્હાવો લઈ શકે.

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી અને આરાસુરી ટ્રસ્ટના અધ્યક્ષશ્રી મિહિર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ મહોત્સવમાં ભાગ લેવા માટે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, ગાંધીનગર અને અરવલ્લી સહિતના જિલ્લાઓમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે.

# જામનગરમાં ઠંડીના માહોલમાં રોગચાળો વકરતા જી.જી. હોસ્પિટલમાં દર્દીઓનો જમાવડો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ઠંડી સતત વધી રહી છે. બીજી તરફ શહેર-જિલ્લામાં રોગચાળો પણ વધ્યો છે. સતત ઠંડી અને સૂસવાટા મારતા તેજ ગતિના પવનના કારણે શરદી-ઉધરસના દર્દીઓનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. પરિણામે સરકારી જી.જી. હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ગઈકાલે સવારે કેશબારીમાં ઉપરાંત ડોક્ટરને બતાવવા અને દવા બારીમાં લાંબી કતારો જોવા મળી હતી. હોસ્પિટલના અંદરના પરિસરમાં ક્યાંય બેસવા કે ઉભવાની પણ જગ્યા મળતી ન હતી. આ સ્થિતિ ફક્ત સરકારી હોસ્પિટલમાં જ છે એવું નથી, શહેરમાં અનેક ખાનગી હોસ્પિટલ-દવાખાનામાં પણ દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. આમ ઠંડીના લીધે રોગચાળો વકર્યો છે. ખાસ કરીને શરદી, ઉધરસ, તાવ અને પેટની બીમારીના દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે.

## દ્વારકાના ગોપી તળાવ નજીક મગરની પીઠ જેવા માર્ગને લઈ યાત્રિકોને ભારે યાતના



તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : દ્વારકા તાલુકાના શામળાસર (ગોપી તળાવ) અને હમુસર વચ્ચે પાંચ કિલોમીટરનો રસ્તો ખડખડધજ બનતા લોકો ભારે યાતના ભોગવી રહ્યા છે. જેને લઈને અનેક વખત નાના મોટા અકસ્માતો થઈ રહ્યા છે. છતાં પણ તંત્ર કામગીરી ન કરતા યાત્રિકો અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

યાત્રાધામ દ્વારકા આવતા મોટાભાગના યાત્રિકો બેટ જવાં માટે દ્વારકા તાલુકાના શામળાસર અને હમુસર ખાતેના રસ્તાનો લોકો ઉપયોગ કરી રહ્યા છે. ચરકલાથી આરંભડા સુધીનો કિમીનો નવો રોડ બન્યો જેમાં ગોપીતળાવ પછીનો ૫ કિમીના માર્ગને નવો બનાવવાને બદલે જૂનો રોડ જ રીપેરીંગ કરીને સંતોષ માની લેવાયો હોય તેવી રાવ ઉઠી છે. હાલ આ ખખડધજ રોડ અંગે આરએન્ડબી દ્વારકાના ઈજનેર પ્રવીણ પરમારે જણાવ્યું કે આ રોડ પર વરસાદી પાણી ભરાતું હોવાથી હવે અમારા દ્વારા સીસી રોડની સરકારમા દરખાસ્ત કરાઈ છે. પરિણામે હવે આ રોડ બે વર્ષની અંદર સીસી રોડ બને તેવો દાવો કરાઇ રહ્યો છે. ઉપરાંત હાલ યાત્રિકો અને પ્રજાની મુશ્કેલીના નિવારણ માટે એક સપ્તાહમાં રોડ નું સમારકામ કરવામાં આવશે.

## જામનગર શહેર ભાજપના સંગઠનમાં પ્રમુખ સિવાયના અન્ય હોદ્દેદારોની કરાઈ વરણી

### ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી, કોષાધ્યક્ષ તથા અન્ય મોરચા, સંગઠનના હોદ્દેદારો નિયુક્ત કરાયા



જામનગર : ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તથા પ્રદેશના મોવડી મંડળ સાથે ચર્ચા-વિચારણા કરીને બીનાબેન કોઠારી દ્વારા શહેર સંગઠનના અન્ય હોદ્દેદારોના નામોની જાહેરાત કરવામાં આવી છે.

જેમાં જામનગર શહેર ભાજપના ઉપપ્રમુખ પદે નિશાંતભાઈ અગારા, વસંતભાઇ ગોરી, દયાબેન પરમાર, વનિતાબેન કાલાવડિયા, હેમલભાઈ ચોટાઈ, રાજયભાઈ મુંગરા, રીટાબેન જોટંગીયા, અને વિજયભાઈ પરમારની નિયુક્તિ કરવામાં આવી છે.

આ ઉપરાંત મહામંત્રી પદે વિજયસિંહ દોલતસિંહ જેઠવા, મૃગેશ જગદીશચંદ્ર દવે, અને ભાવેશ વિઠ્ઠલભાઈ ઠુમ્મરની નિયુક્તિ કરાઈ છે. જ્યારે મંત્રી તરીકે રાજપાલભાઈ ગઢવી, નિતાબેન પરમાર, લાખાભાઈ પિંડારીયા, રાજેશભાઈ નાનાણી, વેલજીભાઈ નકુમ, માલતિબેન પારેખ, ધારાબેન જેઠવા, અને યતિન પંડયાની નિયુક્તિ કરાઈ છે.

કોષાધ્યક્ષ પદે ચંદ્રવદન ત્રિવેદી, કાર્યાલય મંત્રી તરીકે દિલીપભાઈ જોઈસર, આઈ.ટી. ઈન્ચાર્જ તરીકે ગુંજ કારીયા, સોશીયલ મિડીયા ઈન્ચાર્જ તરીકે ધવલ નાખવા તેમજ મીડિયા ઈન્ચાર્જ તરીકે ભાર્ગવ ઠાકરની નિયુક્તિ કરાઈ છે.

આ ઉપરાંત યુવા મોરચાના પ્રમુખ પદે સહદેવભાઈ ડાભી, મહામંત્રી પદે કેતનભાઈ કોટક તેમજ દુષ્યંતભાઈ સોલંકીની નિયુક્તિ કરાય છે. મહિલા મોરચાના પ્રમુખ પદે દક્ષાબેન અગ્રાવત જ્યારે મહામંત્રી પદે નિકિતાબેન કુંવરિયા અને અવનીબેન ત્રિવેદીની વરણી કરાઈ છે. કિસાન મોરચાના પ્રમુખ પદે હશુભાઈ પેઢડીયા, તેમજ મહામંત્રી પદે ચંદ્રસિંહ વાળા અને હિતેશભાઈ કણજારીયાની વરણી કરવામાં આવી છે. તેમજ બક્ષીપંચ મોરચાના પ્રમુખ પદે વિરલભાઈ બારડ, તેમજ મહામંત્રી પદે મયુર સિંધવ અને મોહન ગઢવી ની યુક્તિ કરવામાં આવી છે. અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ પદે દીપકભાઈ શ્રીમાળી તેમજ મહામંત્રી પદે કિરણભાઈ ગડણ અને ચંદ્રગુપ્ત રાઠોડ, તેમજ લઘુમતી મોરચાના પ્રમુખ પદે ઉમરભાઈ બ્લોચ તેમજ મહામંત્રી પદે હારુનભાઈ પટેલ અને કાદર બાપૂ જુણેજાની વરણી કરવામાં આવી છે.

## બજેટ સત્ર દરમિયાન હાલારના સાંસદ દિલ્હીમાંઃ કાર્યાલય રાબેતા મુજબ ચાલુ



જામનગર : સંસદના બજેટ સત્રના પ્રથમ તબક્કાનો પ્રારંભ થયો છે. આ સત્ર દરમિયાન જામનગરના સંસદસભ્ય પૂનમબેન માડમ નવી દિલ્હીમાં ઉપસ્થિત રહેનાર હોવાથી તા. ૨૮-૧-૨૦૨૬ થી તા. ૧૩-૨-૨૦૨૬ સુધીના પ્રથમ તબક્કાના બજેટ સત્ર દરમિયાન કામકાજના દિવસોમાં જામનગરમાં મળી શકશે નહીં.

સંસદના બજેટ સત્ર દરમિયાન જામનગર જિલ્લામાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા અને ભાણવડમાં સંસદસભ્યના કાર્યાલયો સવારે ૯-૩૦ થી રાત્રે ૮-૩૦ સુધી રાબેતામુજબ નિયમિત રીતે કાર્યરત રહેશે. જામનગર કાર્યાલયઃ નિયો સ્ક્વેર, ગ્રાઉન્ડ ફ્લોર, અંબર સિનેમા પાસે, જામનગર (ફોનઃ ૦૨૮૮-૨૬૭૬૬૮૮, ૨૬૭૦૧૦૦), ખંભાળિયા કાર્યાલયઃ પોસ્ટ ઓફિસ રોડ, ખંભાળિયા (ફોનઃ ૦૨૮૩૩-૨૩૩૩૮૮) તથા ભાણવડ કાર્યાલયઃ વેરાડનાકા બહાર, ભાણવડ (ફોનઃ ૦૨૮૯૬-૨૩૨૧૮૮)નો સંપર્ક કરવા સંસદસભ્ય કાર્યાલયની યાદીમાં જણાવાયું છે.

## તપોવન ફાઉન્ડેશન દ્વારા દીવંગત ૨૭ વડીલોના આત્મકલ્યાણ માટે ભાગવત સપ્તાહનો પ્રારંભ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : છોટી કાશીનું કિમિ દૂર અલિયાબાડાના પાટિયા નજીક તપોવન ફાઉન્ડેશન દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે ભજન સાથે ભોજનની પણ સેવા ઉભી કરવામાં આવી છે વ્યાસપીઠ ઉપરથી ભાગવતા ચાર્ય શ્યામભાઈ ઠાકર ની વાણીનો લાભ લેવા આસપાસના ૨૧ ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

જામનગર નજીક તપોવન ફાઉન્ડેશન દ્વારા અવ માતૃશ્રી ઈશ્વર ગૌરી છોટા લાલ જાની વડીલ વાત્સલ્ય ધામનગર મહાનગરપાલિકાનું ૧મી નાણાકીય વર્ષનુંવડીલોના આત્મકલ્યાણ અર્થે શ્રીમદ માં સાત વર્ષમાં સ્વર્ગવાસ થયેલા ૨૭ભાગવત સમાહ જ્ઞાન મહોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ભાગવત કથામાં વ્યાસપીઠ ઉપરથી ભાગવત આચાર્ય શ્યામભાઈ ઠાકરે તેમની આગવી સહેલીમાં સંગીતમયની સુરવલી સાથે શ્રીમદ ભાગવતગીતાનું જ્ઞાન શ્રોતાઓને કરાવી રહ્યા છે. તેઓએ કથાના બીજા દિવસે આજની શિક્ષણ પદ્ધતિ અને વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપર આકરી ટકોર કરી હતી. શિક્ષણ જરૂરી છે પરંતુ શિક્ષણનું વધુ ભારણ ન લાડવું જોઈએ તેવી અપીલ પણ વાલીઓએ વિદ્યાર્થીઓ ઉપર બોજ રૂપ વાલીઓને કરી હતી તેઓએ સોશ્યલ મીડિયા ધાર્મિક કલ્યાણ અર્થે લાભદાયક છે. વર્તમાન સમયમાં જે જો હિંદુઓ જાગુત નહિ થાય તો આવનારો સમય કઠિન બની રહેશે મહત્વની વાત છે. તેઓ બ્રહ્મણોને પણ શાસ્ત્ર અને શસ્ત્ર પ્રત્યે તૈયાર થવા અનુરોષ કર્યો હતો. આ ભાગવત કથા ના મંડપની અંદર કૃષ્ણ લીલા અને રામલીલા ના બંને દ્રશ્યો થી અયોધ્યાની રામનગરી ને પણ તેમાં આવરી લેવામાં આવી છે

આ ભાગવત જ્ઞાન યજ્ઞને સફળ બનાવવા માટે સંસ્થાના ટ્રસ્ટી રાજનભાઈ જાની તેમજ પૂર્વ મંત્રી વસુબેન ત્રિવેદી, બ્રહ્મ આગેવાન નરેન્દ્ર ભાઈ ત્રિવેદી પરેશભાઈ જાની સહીની ટીમ જહેમંત ઉઠાવી રહી છે મહત્વની વાત એ છે કે આ સેવા યજ્ઞની અંદર સેવા આપવા માટે થઈને ઠેબા ગામના બહેનો. સહિત અનેક બહેનો પણ જોડાયા છે.

## જામનગરમાં ગ્રીન સિટી પાસે બેકાબુ કાર પલટી જતા વોકિંગ કરતી વ્યક્તિ ઘાયલ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં રણજીતસાગર રોડ પર ગ્રીન સિટી વિસ્તારમાં આજે વહેલી સવારે જી.જે. ૧૦ ડી.એન. ૩૦૯૧ નંબરની કાર એકાએક બેકાબુ બની હતી, તેના ચાલકે કારના સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો, અને રોડની વચ્ચેના ડિવાઈડર સાથે ટકરાઈ જતાં પલટી મારી ગઈ હતી, અને કાર ઊંધા માથે થઈ હતી.

આ બનાવ સમયે ત્યાંથી મોર્નિંગ વોકમાં નીકળેલા એક રાહદારીને કારની ટક્કર લાગી જવાથી ઈજા થઈ હતી, તેઓને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. જ્યારે કારનો ચાલક આ બનાવ સમયે તેમાંથી બહાર નીકળી ગયો હતો, અને પોતાની કાર રસ્તા પર છોડીને ભાગી છૂટ્યો હતો. આ બનાવની જાણ થતાં સીટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડતો થયો છે, અને સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરના વરિષ્ઠ પત્રકારના પુત્ર ગુંજન ગણાત્રાની સ્મૃતિમાં રક્તદાન કેમ્પનું આયોજન



જામનગર : જામનગરના વરિષ્ઠ પત્રકાર ગિરીશભાઈ ગણાત્રાના પુત્ર અને ગોલ્ડન નેસ્ટ પરિવારના ગુંજન ગિરીશભાઈ ગણાત્રાની પુણ્યસ્મૃતિમાં આગામી

તા. ૧-૨-૨૦૨૬ ના દિને સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ વાગ્યા સુધી આરામ હોટલની બાજુમાં, ડીકેવી કોલેજ સામે, ગોલ્ડન નેસ્ટ એપાર્ટમેન્ટના કોમન હોલમાં પાંચમા રક્તદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ૭૯-જામનગરના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીના હસ્તે સવારે ૯-૩૦ વાગ્યે દીપ પ્રાગટ્ય કરવામાં આવશે. વધુ વિગતો માટે પ્રવિણસિંહ જાડેજા (૭૬૦૦૭ ૨૭૨૭૨) અને ગિરીશભાઈ ગણાત્રા (૯૯૨૪૦ ૭૫૯૨૪) નો સંપર્ક કરવા જણાવ્યું છે.

## જામનગરમાં સીસી રોડના કામમાં ભ્રષ્ટાચાર અંગે તપાસની માંગ કરતા શહેર કોંગ્રેસ પ્રમુખ

જામનગર : જામનગર મહાનગર પાલિકા દ્વારા કૃષ્ણનગર શેરી નં.૩ માં ચાલી રહેલા સી.સી. રોડના કામમાં કોન્ટ્રાકટર દ્વારા મોટાપાયે ભ્રષ્ટાચાર કરી અત્યંત નબળું કામ થતું હોવાનું જાત નિરીક્ષણ દરમ્યાન જણાતાં જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા એ મ્યુનિ. કમિશનરને વિસ્તૃત આવેદનપત્ર પાઠવી તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા માંગણી કરી છે. કોન્ટ્રાકટર સાથે મનપાના ઉચ્ચ અધિકારીની સંડોવણી હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો છે.

આ રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે અગાઉનો જુનો રોડ જે કરેલ છે તે કેટલો તોડેલ તેની કેટલી ઊંડાઈ હતી, કેટલી પહોળાઈ હતી, અને તે મુજબ જ કરેલ છે કે નહિ ? હાલ સી. સી. રોડ જે કરવામાં આવેલ છે. તેનું ખોદાણ ૮ થી ૯ ઈંચ એટલે કે આશરે ૧ ફૂટ જેટલું ખોદાણ થયેલ હોય તેવુ જણાય છે. ટેન્ડરની શરત મુજબ ખોદાણ કરવામાં આવેલ ન હતું. મોરમ ગારા વારી હતી અને કાળી માટી મિક્સ માં હતી.

સી.સી. રોડની પહોળાઈ ટેન્ડરની શરત મુજબ કરવામાં આવેલ ન હતી. સામાન્ય ખોદાણ કામ કરી, રેતી કાંકરી પાથરી સીધું જ સી. સી. રોડની કામગીરી કરતા હોય અને ટેન્ડરની તથા પેસિફિક શરતોનું પાલન કરેલ નથી. ટેન્ડરની શરતો મુજબ મેટલ-મોરમ કરેલ નથી. ટેન્ડરના નિયમ પ્રમાણે સાઈડ ઉપર ક્યુબના સેમ્પલ લીધેલા નથી. સી. સી. રોડ કામ ચાલુ કરતા પહેલા પાણીનું ફલોરિંગ કરેલ નથી. સી. સી. રોડનું ખોદાણ ઓછું હતું જેના હિસાબે રોડ ક્રેક તૂટી જવાની સંભાવના રહે છે. ટેન્ડરના નિયમ મુજબ ૬-૬ ઈંચ મેટલ-મોરમ વાપરેલ નથી. હાલમાં જે નવો રોડ બને છે જે જુના રોડથી ૧ ઈંચ ઉચો રહેશે. જેથી ભવિષ્યમાં લોકોના ઘરોમાં પાણી ભરાવવાની સમસ્યા રહેશે.

આ મુદઓ ગંભીરતાથી લેવા કારણ કે આ સી. સી. રોડમાં મોટાપાયે ભ્રષ્ટાચાર અને ગેરરીતી થયેલ છે તે અંગેનું તા. ૨૩-૧-૨૦૨૬ના કોન્ટ્રાકટર અને ઈન્જિનિયરની હાજરીમાં રોજકામ કરવામાં આવેલ છે. જેની નકલ રજુ છે. તે ધ્યાને લેવા તેમજ ગેરેંટી પીરીયડ સુધી આ રોડમાં કઈપણ થાય તો કોન્ટ્રાકટરના કોઈપણ પ્રકારના બીલ આપવા નહિ તેમજ તેની ડિપોઝીટ જપ્ત કરવી તેમજ બ્લેક લિસ્ટ કરવા અને સંડોવાયેલા અધિકારીઓ વિરૂદ્ધમાં કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, આ કામની સ્થળ મુલાકાતનો અહેવાલ નોબતમાં પ્રસિદ્ધ થતાં થોડા સમય માટે કામ બંધ કરી દીધા પછી ભ્રષ્ટાચારને છૂપાવવા રસ્તાનું કામ તાત્કાલિક પૂરૂં કરી દેવાના હવાતીયા ચાલુ થઈ ગયા હોવાનું જાણવા મળે છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**પાણીના સ્તર સૂચકનું સપ્લાય ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ**

**ટેન્ડર સૂચના સંખ્યાઃ M-2026-03-WLI તારીખ 27.01.2026 (i) કાર્યનું નામઃ** C&W ડેપો, ઓખા, હાપા અને રાજકોટ ખાતે પ્રાયમરી મેન્ટેનન્સ કોચમાં પાણીના સ્તર સૂચકનું સપ્લાય ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ. **(ii) અંદાજિત કિંમતઃ** ₹ 5655000/- **(iii) અર્નેસ્ટ મનીઃ** ₹ 113100/- **(iv) ટેન્ડર જમા કરવાની તારીખ અને સમયઃ** 18.02.2026 ના રોજ 15.00 કલાક સુધી અને 18.02.2026 ના રોજ 15.30 કલાકે ટેન્ડર ખુલશે. **(v) ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય છે તે ઓફિસનું સરનામું અને નોટિસ બોર્ડનું સ્થાનઃ** ડિવિઝનલ રેલવે મેનેજર, પશ્ચિમ રેલવે, રાજકોટ - 360001 **વેબસાઈટ વિગતોઃ** www.ireps.gov.in RJT 191

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly


## જામનગરના મચ્છરનગર વિસ્તારમાં જર્જરિત ત્રણ માળિયા મકાનનો હિસ્સો તૂટી પડતા મહિલા ઘાયલ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના ગાંધીનગર પાસે મચ્છરનગર વિસ્તારમાં ઘણા લાંબા સમયથી ત્રણ માળીયા ફ્લેટો જર્જરીત હાલતમાં છે. જેમાં ગઈકાલે બપોરે એક ઈમારતમાં પારાપેટ વગેરેમાંથી કેટલોક હિસ્સો તૂટી પડ્યો હતો. જર્જરીત ત્રણ માળીયાનો હિસ્સો તૂટી પડતાં એક મહિલા ઈજાગ્રસ્ત થયા હતા.જેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જી જી હોસ્પિટલ ખસેડાયા હતા. બીજી તરફ બનાવની જાણ થતા જ મહાનગરપાલિકાની ફાયર તેમજ એસ્ટેટ વિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તાત્કાલિક જરૂરી આનુસંગિક કામગીરી હાથ ધરી હતી. આ બનાવને લઈ લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા.


સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## પરદેશી નાગરિકતાના સ્વપ્નની કડવી હકીકત

જે ધરતી પર આપણો જન્મ થયો છે તે આપણી જન્મભૂમિ છે. જન્મભૂમિની મમતા છોડીને વિદેશી નાગરિક બનવાના સ્વપ્ન જોનાર લોકો માટે વર્તમાન સંજોગો ઘણીવાર નિરાશાજનક સાબિત થાય છે. રોજ સમાચારપત્રો અને ટેલિવિઝન પર આપણે જોઈએ છીએ કે આવા સ્વપ્નો કેવી રીતે ચકનાચૂર થાય છે. ત્યારે મનમાં એક પ્રશ્ન ઊભો થાય છે કે શું હવે વિદેશ જવાના મોહને ત્યાગવાનો સમય આવી ગયો નથી? જ્યારે આપણો દેશ વિકાસના માર્ગે આગળ વધી રહ્યો છે અને અહીં રોજગારીની તકો પણ ધીમે ધીમે વધી રહી છે. ત્યારે માત્ર વિદેશમાં વસવાટ કરવાનો મોહ રાખવો કેટલો વ્યાજબી છે તે વિચારી જોવાની જરૂર છે. ખાસ કરીને ગેરકાયદે રીતે વિદેશ ગયેલા લોકોની દયનીય સ્થિતિ સૌ કોઈથી અજાણી નથી. જનની જન્મભૂમિ સ્વર્ગથી પણ શ્રેષ્ઠ છેલ આ કહેવત માત્ર ભાવુક ઉક્તિ નથી, પરંતુ જીવનનો સચોટ અનુભવ છે. પોતાની માતૃભૂમિ પર રહીને જે સલામતી, સન્માન અને ઓળખ મળે છે, તે પરદેશમાં અવારનવાર અસ્થિરતા અને અસુરક્ષાથી ઘેરાયેલી હોય છે. રોજગારી, વધુ કમાણી કે ઉત્તમ શિક્ષણના સ્વપ્ન સાથે લાખો ભારતીયો વિદેશ તરફ વળે છે, પરંતુ આ સ્વપ્ન પાછળ છુપાયેલી કડવી હકીકત ઘણીવાર તેમની કલ્પનાથી સંપૂર્ણપણે અલગ હોય છે. તાજેતરમાં રાજ્યસભામાં રજૂ થયેલા એક અહેવાલે આ હકીકતને ચિંતાજનક આંકડાઓ સાથે સામે મૂકી છે. એક અહેવાલ મુજબ છેલ્લા એક વર્ષમાં દુનિયાના ૮૧ દેશોમાંથી ૨૪,૬૦૦થી વધુ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા છે, એટલે કે તેમને તેમના નિવાસસ્થાનમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. અમેરિકા જેવા દેશોમાંથી તો કેટલાક ભારતીયોને હાથમાં અને પગમાં બેડીઓ પહેરાવીને ગુનેગારની જેમ અપમાનજનક રીતે ભારત પરત મોકલવામાં આવ્યા હોવાના દ્રશ્યો પણ સામે આવ્યા છે. આવા દ્રશ્યો માત્ર વ્યક્તિને નહીં, પરંતુ સમગ્ર દેશના સ્વાભિમાનને ઘા પહોંચાડે છે. આમાં સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે અમેરિકાએ નહીં, પરંતુ સાઉદી અરબે સૌથી વધુ ૧૧,૦૦૦ ભારતીયોને હકાલપટ્ટી કરી છે. સાઉદી અરબમાં ગેરકાયદે રીતે પ્રવેશ કરનાર અથવા ત્યાંના નિયમોનું ઉલ્લંઘન કરનાર લોકોને કોઈ પણ પ્રકારની નરમાઈ વિના દેશ બહાર કાઢી મૂકવામાં આવે છે. આવી જ રીતે, સાઉદી અરેબિયામાં ગેરકાયદે રીતે પ્રવેશ કરેલા પાકિસ્તાનના નાગરિકોને પણ પાછા ધકેલી દેવામાં આવ્યા હતા, કારણ કે તેઓ ત્યાંના કાયદા અને સામાજિક વ્યવસ્થાને અનુરૂપ ન હોય તેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. આ ઉદાહરણો સ્પષ્ટ કરે છે કે ખાડી દેશોમાં વિદેશી નાગરિકો માટે નિયમો અત્યંત કડક છે. સામાન્ય માન્યતા એવી છે કે અમેરિકામાં ગેરકાયદે વસાહતીઓ સામે સૌથી કડક કાર્યવાહી થાય છે, ખાસ કરીને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના બીજા કાર્યકાળ દરમિયાન કડક ઇમિગ્રેશન નીતિઓ અમલમાં મૂકી ત્યારથી. પરંતુ આંકડાઓ બતાવે છે કે ખાડી દેશોમાં સ્થિતિ વધુ કઠોર છે. અમેરિકાએ આ સમયગાળા દરમિયાન ૩,૮૦૦ ભારતીયોને બહાર કાઢ્યા છે, જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઊંચી સંખ્યા છે, પરંતુ સાઉદી અરબની સરખામણીમાં આ આંકડો ઘણો ઓછો છે. વિદેશ મંત્રાલયના અહેવાલ અનુસાર ખાડી દેશોમાંથી ભારતીયોની હકાલપટ્ટીના મુખ્ય કારણોમાં વિઝાની મુદત પૂરી થયા બાદ પણ રોકાણ કરવું, માન્ય વર્ક પરમિટ વિના કામ કરવું, શ્રમ કાયદાઓનો ભંગ કરવો, મૂળ એમ્પ્લોયરને છોડીને બીજે કામ કરવું અને નાગરિક કે ગુનાઈત કેસોમાં સંડોવણી જેવા મુદ્દાઓ સામેલ છે. આ નિયમો માત્ર કાગળ પરના નથી, પરંતુ તેમના ભંગ બદલ થતી કાર્યવાહી ઘણીવાર અમાનવીય અનુભવ બની જાય છે.

# નાણાકીય વર્ષ ૨૭ માં મૂડીખર્ચ ૧૨ લાખ કરોડથી વધુ થઈ શકે

## એસબીઆઇ રિપોર્ટનો અંદાજ છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા અને આર્થિક વિકાસને વેગ આપવાની સરકારની વ્યૂહરચના ચાલુ રહેશે

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સંસદમાં આગામી કેન્દ્રીય બજેટ રજૂ કરતી વખતે ફરી એકવાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી અપેક્ષા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના ઈકોરેપ રિપોર્ટ અનુસાર, કેન્દ્ર સરકારનો મૂડી ખર્ચ, અથવા મૂડીખર્ચ, નાણાકીય વર્ષ ૨૦૨૭ માં ૧૨ લાખ કરોડને વટાવી શકે છે.

એસબીઆઇ રિપોર્ટનો અંદાજ છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા અને આર્થિક વિકાસને વેગ આપવાની સરકારની વ્યૂહરચના ચાલુ રહેશે. અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૭ માં સરકારી મૂડીખર્ચ વાર્ષિક ધોરણે આશરે ૧૦ ટકા વધી શકે છે. આ આંકડો મહત્વપૂર્ણ છે કારણ કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારત સરકાર તેના મૂડીખર્ચમાં ઘટાડો કરવાના મૂડમાં દેખાતી નથી.

અહેવાલમાં આપેલા ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં બજેટરી મૂડી ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે: બજેટેડ કેપેક્સ: નાણાકીય વર્ષ ૨૦૧૬ (એફવાય ૧૬) માં માત્ર ૨.૫ લાખ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૬ (એફવાય ૨૬) માં ૧૧.૨ લાખ કરોડ થયો છે,



બજેટ અંદાજ મુજબ.

મૂડી સંપત્તિ માટે અનુદાન: વિવિધ સ્તરે સંપત્તિ નિર્માણ માટે સરકારની ગ્રાન્ટમાં પણ વધારો થયો છે. તે નાણાકીય વર્ષ ૧૬ માં ૧.૩ લાખ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૬ માં ૪.૩ લાખ કરોડ થઈ ગઈ છે. આ આંકડો નાણાકીય વર્ષ ૨૬ માં ૧૯.૮ લાખ કરોડ સુધી પહોંચ્યો.

જો આપણે બજેટરી ફાળવણી તેમજ સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ દ્વારા ખર્ચનો સમાવેશ કરીએ, તો ચિત્ર વધુ વ્યાપક બને છે. નાણાકીય વર્ષ ૨૬ માં સીપીએસઈ કેપેક્સ (આંતરિક અને વધારાના બજેટરી સંસાધનો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ) ૪.૩ લાખ કરોડ હતું. આમ, બજેટરી ખર્ચ, અનુદાન અને સીપીએસઈ ખર્ચ સહિત 'કુલ મૂડીખર્ચ', નાણાકીય વર્ષ ૨૦૧૬ માં ૭.૦ લાખ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૬ માં ૧૯.૮ લાખ કરોડ થયો. જીડીપી ના હિસ્સા તરીકે મૂડીખર્ચ પણ નાણાકીય વર્ષ ૨૦૨૬ માં લગભગ ૫.૫ ટકાના દરે મજબૂત રહ્યો, જે સરકારની 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર-આગેવાની વૃદ્ધિ' ની નીતિને પ્રતિબિંબિત કરે છે.

બજાર બજેટ ઉધારના આંકડાઓ પર પણ નજીકથી નજર રાખશે. એસબીઆઈના એક અહેવાલમાં અંદાજ છે કે નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે કેન્દ્ર સરકારનું ચોખ્ખું ઉધાર લગભગ ૧૧.૭ ટ્રિલિયન (લાખ કરોડ) હોઈ શકે છે, જે રાજકોષીય ખાધના લગભગ ૭૦ ટકા જેટલું છે. ચુકવણી: આશરે ૪.૬૦ ટ્રિલિયન થવાની અપેક્ષા છે, જેમાં ૧ લાખ કરોડની અપેક્ષિત બાયબેક અને ૧.૫ ટ્રિલિયનની અંદાજિત સ્વિચનો સમાવેશ થાય છે.

કરંટ ટોપિક

આ બજેટ વૈશ્વિક અનિશ્ચિતતાના સમયે રજૂ કરવામાં આવી રહ્યું છે. અહેવાલોએ ક્રૂડ ઓઈલના ભાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે. પ્રશ્ન એ છે કે શું ક્રૂડ તેલ વર્તમાન પુરવઠા-સંચાલિત સ્થિરતામાંથી બહાર નીકળીને વ્યાપક કોમોડિટી રેલીમાં જોડાશે. એકંદરે, ૧ ફેબ્રુઆરીએ રજૂ થનાર બજેટ સાબિત કરી શકે છે કે તમામ વૈશ્વિક પડકારો છતાં, ભારત સરકાર અર્થતંત્રને ગતિશીલ રાખવા માટે જાહેર ખર્ચને આગળ ધપાવવાનું ચાલુ રાખશે. ૧૨ લાખ કરોડથી વધુનો અપેક્ષિત મૂડીખર્ચ સૂચવે છે કે રસ્તા, રેલ્વે અને સંરક્ષણ જેવા મુખ્ય ક્ષેત્રોમાં રોકાણની ગતિ ધીમી થવાની નથી.

# ભારતમાં વિજ્ઞાનનાં ભાવિ કરતા વિજ્ઞાનના ઈતિહાસની જ વાતો થાય છે

એ ક તરફ ભારત આગામી પાંચ વર્ષમાં વિશ્વ ગુરુ બનવાની વાતો કરે છે. મેક ઇન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ, ડિજીટલ ઈન્ડિયા, વિશ્વનો સૌથી યુવા દેશ અને 'હમે દેશ બદલના હૈ'ના અને સ્વદેશી અપનાવો જેવા સુત્રો થાકી સ્વપ્ન સેવે છે પણ દેશમાં જો સૌથી ઉપેક્ષિત હોય તો તે વિજ્ઞાન, સંશોધન, વિજ્ઞાન સંસ્થાઓ છે.

વિજ્ઞાન મેળાઓ, વિજ્ઞાનીઓની પરિષદ તેમજ સેમિનાર-વર્કશોપમાં ભવિષ્યના પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન કરવાની જગાએ નેતાઓ મંચ અને માઈક તેઓના હાથમાં લઇ લે છે. નેતાઓની ખુશામત કરવા હવે અમુક વિજ્ઞાનીઓ પણ પણ એકની એક રેકોર્ડ વગાડે રાખે છે કે 'હજારો વર્ષ પહેલા આપણે ત્યાં વિમાન ઉડતા, તબીબી સર્જરી થતી, વર્તમાનની મોટાભાગની શોધ-ગાણિતિક પુરાવા બધુ જ આપણા પ્રાચીન વિજ્ઞાનીઓની દેન છે.' વિજ્ઞાન પરિષદમાં મોટાભાગનો સમય વક્તાનો લાંબો પરિચય આપવામાં અને બુકેની આપ લે અને હાર તોરામાં જ ચાલ્યો જાય છે. વિજ્ઞાન ફેકલ્ટીનાં જે નિષ્ણાત વક્તાઓ છે તેઓ શ્રોતાઓ જોડે રસપ્રદ શૈલીમાં અને વર્તમાન દુનિયાના ઉદાહરણો સાથે લેકચર આપવાની જગ્યાએ સ્થૂળ અને નીરસ શૈલીમાં ક્લાસ રૂમમાં લેકચર આપતા હોય તેમ વિષયની ભારેખમ રજૂઆત કરે છે જે સૈદ્ધાંતિક થીયરીથી ભરપુર હોય છે.

વિશેષ

વિજ્ઞાનના ફેકલ્ટી કે કુલપતિઓની નિમણુક પણ રાજકીય પ્રભાવથી થઇ હોઈ તેઓ પણ નેતાઓ ખુશ થાય તે માટે એકની એક રેકર્ડ વગાડે છે કે બ્રિટીશરોએ આપણી તમામ ફોર્મ્યુલા, પ્રોડક્ટ સિફતથી તેમના નામે કરી દીધી છે. માની લો કે ભુતકાળમાં આવો ભવ્ય વારસો આપણે ધરાવતા હતા તો પણ કયાં સુધી એકની ર્ક વાતનું રટણ કરતા રહેવાનું, વિશ્વને પણ આવા દાવાઓમાં રસ નથી. વર્તમાન પર જ નજર રાખવી જોઈએ.

અત્યારે વિશ્વ આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ, હાયપર લૂપ ટ્રાન્સપોર્ટ, આર્ટિફિશિયલ અંગો, કેન્સર પર વિજય, વૈકલ્પિક ઊર્જા, ઓનલાઇન વૈશ્વિક યુનિવર્સિટી, બાયો-નેનો ટેકનોલોજી, જીનેટિક, સ્પોર્ટસ અને સાયન્સ, ભુખમરા અને આયુષ્યની સામે ઝીક ઝીલવા ગળાડૂબ છે. હેરતભર્યા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ આપણે યુ ટયુબ કે ઈન્સ્ટાગ્રામ પર જોઈએ છીએ. સ્માર્ટ ફોન, સ્માર્ટ ગોગલ, કપડા સાથે જ જોડાયેલા કમ્પ્યુટર, ચીપ, કમ્યુનિકેશનની ક્રાંતિ થકી અગાઉ વિશ્વમાં ૫૦ વર્ષે જે પરિવર્તન થતું હતું તે હવે પાંચ વર્ષમાં આકાર પામી રહ્યું છે.

આપણી તમામ ચીજવસ્તુ અને ટેકનોલોજીનું મૂળ સંશોધન વિદેશમાં થયેલું છે. મોટેભાગે તો મેઈડ ઈન યુએસએ, બ્રિટન, જર્મન, ફ્રાંસ, ઈટાલી, સાઉથ કોરિયા અને ચીન જ છવાયેલા છે. હા, સ્પેસ ક્ષેત્રે ગજબનું કામ થયું છે પણ તેમાં દેશમાં વિજ્ઞાનનું વાતાવરણ સર્જાયું હોય તેની તે નીપજ હોય તેમ નથી.

મેઈડ ઈન ચાઈનાની પ્રોડક્ટનો બહિષ્કાર કરવા કરતા ચીનની જેમ 'મેઈડ ઈન ઈન્ડિયા'ની પ્રોડક્ટ કેમ વિશ્વ બજારમાં વટભેર ઘૂસી ના શકે તેવો વિચાર આવવો જોઈએ. 'જય જવાન, જય કિસાન જય વિજ્ઞાન' જેવા સૂત્રોથી વિશ્વના દેશો નથી ચાલતા. ટચૂકડા દેશો ૨૫-૫૦ નોબેલ પ્રાઈઝ વિનરો ધરાવે છે પણ ભારત ૭૯ વર્ષમાં ૧૦ જ નોબેલ પ્રાઈઝ મેળવી શક્યું છે તેમાંથી છ તો તે વિજેતા વિદેશમાં સ્થાયી થઈને ત્યાં સંશોધન કર્યા પછી સફળ થયા છે. આપણા વડાપ્રધાન યુવા જગત અને વિજ્ઞાનીઓ જોડે સૌથી વધુ ખીલી ઉઠે છે પણ તેમની વાર્તામાં મોટિવેશનનો તેમજ ભુતકાળની ભવ્ય પરંપરાની માત્રા વિશેષ હોય છે. વર્તમાન વાસ્તવિકતાને સ્વીકારી અને વાતાવરણ ઘડવા માટેની નક્કર વ્યૂહરચનાનો અભાવ છે. વોટ્સએપમાં એક ચોટદાર જોક થોડા મહિના અગાઉ ફરતી હતી. પ્રેરણાત્મક પ્રવચન આપતા એક લોકપ્રિય વક્તા હવામાં મુઠ્ઠી ઉછાળીને યુવાનોને વિવેકાનંદની અદામાં કહેતા હતા કે, 'તમે દોડો... દોડી ના શકો તો ચાલો... ચાલી ના શકો તો લંગડાતા પગે ચાલો... અરે કંઇ નહી તો ગોઠણભેર ભાખોડિયા પણ ભરો... બસ પેશન સાથે આગળ ધપો... શ્રોતાઓની તાળીઓ શાંત થઇ તે સાથે જ એક યુવાને હતાશા સાથે બધાને સંભળાય તેમ કહ્યું કે... 'સાહેબ... ક્યાં અને કઇ તરફ આ રીતે ચાલીએ તે તો કહો ?'

ભારતમાં જેના થકી ખરેખર બદલાવ લાવવાનો છે, વિશ્વગુરૂ બનવાના સપના આંખોમાં અંજાઈ રહ્યા છે તે શોધ-સંશોધન કે વિજ્ઞાન સંસ્થાઓ માટેનું ભારતનું બજેટ વિશ્વના મુખ્ય ૩૫ દેશોમાં સૌથી તળિયે છે ભારત તેની જીડીપીના માંડ ૦.૮ ટકા જ આ માટે ફાળવે છે. આ રકમ રૂા. ૫૫,૦૦૦ કરોડ જેટલી છે.

આ ૫૫૦૦૦ કરોડમાંથી પણ મિશન મંગળ-૨ માટે ૨૦ ટકા રકમ ફાળવાઇ છે. વિજ્ઞાન સંસ્થાઓમાં કૃષિ, તબીબી, અર્થ, સંરક્ષણ, રીન્યુએબલ એનર્જી, વૈકલ્પિક ઊર્જા, સોલાર, એટોમિક બાયોટેકનોલોજી, નેનો ટેકનોલોજી, આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્ટ સ્પેસ રીસર્ચ, ઈન્ડસ્ટ્રીઅલ જેવા તમામ સંશોધન અને જુદી જુદી સંસ્થાઓને આટલામાંથી ફાળવણી કરવાની હોય છે.

આવી કંગાળ ફાળવણીમાં પણ કરૂણતા એ ઉમેરાય છે કે ખરેખર પ્યોર સાયન્સ પર સંશોધનનું બજેટ અને લક્ષ્ય હોવું જોઈએ તેની જગાએ આપણી પ્રાચીન માન્યતાઓમાં વિજ્ઞાન છે તે પુરવાર કરવા માટેના સંશોધનોમાં બજેટ ફાળવવામાં આવે છે. જેમ કે ગાયના દૂધની બનાવટમાં પોષક તત્ત્વો છે.. ગંગાનું પાણી મલિન નથી થતું... યોગ વિજ્ઞાન છે... ભારતમાં ૨૦૦૦ વર્ષ પહેલા યુદ્ધમાં ઘવાયેલાની સારવાર કેમ થતી હતી.. સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર પ્રાચીન વિજ્ઞાનીઓએ પૂરાણોમાં જણાવેલું... આવું બધુ પુરવાર કરવામાં પણ સમય અને નાણાં વેડફાય છે. પ્રોજેક્ટ અને પ્રેઝન્ટેશન પણ આવા જ વિષયોની ઈર્દગીર્દ ફરે છે. વિજ્ઞાન અને શોધ-સંશોધનનું વાતાવરણ સર્જવાની જરૂર છે. આપણે ત્યાં અમેરિકા, યુરોપ કે ચીનની જેમ શાળા કે કોલેજનું શિક્ષણ કે ડિગ્રી પૂર્ણ ન કરી શકે તેવા જીનિયસ ડ્રોપ આઉટ ખીલી ઉઠે શકે ખરા ? બિલ ગેટ્સને કે ઝકરબર્ગ, જેક મા ભારતમાં હોત તો ? ચીનમાં ગૂગલ, ફેસબુક કે વ્હોટ્સએપ સત્તાવાર એન્ટ્રી જ નથી અપાઈ. તેઓએ તેમની પોતાની ભાષાનું 'વેઈબો' વિકસાવ્યું છે. કેન્દ્ર સરકારે વિશ્વની યુનિવર્સિટીઓ, સંશોધન કેન્દ્રો, અભ્યાસક્રમ, ત્યાંના વાતાવરણ પાછળના પરિબળો, ટેલેન્ટેડોને પ્લેટફોર્મ આપવાની સીસ્ટમ અને ફાળવાતા બજેટનો વિસ્તૃત પરિણામલક્ષી અભ્યાસ કરવો જોઈએ. 'મેઈડ ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટનો વિશ્વના નાગરિકો ઉપયોગ કરતા હોય તેવું સ્વપ્ન હોવું જોઈએ. આપણી યુવા તાકાત જેવી ટેલેન્ટ વિશ્વના કોઈ દેશમાં નથી.

માત્ર તેઓનો માઈન્ડ નોકરી શોધી ઠરીઠામ થઇ જવાનો અને આમાં અમને શું મળશે ? નો અભિગમ બદલવાની જરૂર છે. આપણા યુવાનોને તેમના કુટુંબની પણ જવાબદારી નીભાવવાની હોય છે. રાજ્ય કે કેન્દ્ર સરકાર અને કોર્પોરેટ જગતે આવી પ્રતિભાને પારખીને તેઓ તેમનાં સંશોધનમાં નિશ્ચિતતાથી વર્ષો વીતાવી શકે અને તેના કુટુંબને નાણા મોકલી શકે તે રીતે જાણે સારી રકમની નોકરીએ રાખ્યા હોય તેમ દત્તક લેવા જોઈએ.

આઈપીએલ કે અન્ય રમતોની લીગની જેમ કોર્પોરેટ જગતે ફ્રેન્ચાઈઝી બનાવીને ટેલેન્ટેડ યુવા પેઢીમાંથી અલગ તારલાને શોધ-સંશોધનના પ્રોજેક્ટ માટે ખરીદવા કરોડોની બોલી સાથે પડાપડી કરવી જોઈએ. ખેલાડીઓને દોઢ મહિનાના આઈપીએલ માટે રૂા. ૫૦ લાખથી રૂા. ૧૨-૧૫ કરોડ મળતા હોય છે. જ્યારે આવી વિજ્ઞાન ટેલેન્ટ પ્રતિભાને તો વર્ષે દસ-બાર લાખ રૂપિયા આપશો તો પણ ધન્યતા અનુભવશે. અમેરિકા અને યુરોપમાં બેઝબોલ, બાસ્કેટબોલ, ફૂટબોલ, એથ્લેટિક્સ, સ્વિમિંગ, ટેનિસનું સ્પોર્ટ્સ કલ્ચર તેમ શોધ-સંશોધનનું પણ મોડેલ છે.

એવું લાગે કે આપણી કોઈ દાનત કે ગૌરવ લેવાની અભિપ્સા જ નથી કે વિશ્વમાં આપણી વેપારી, પગારદાર કે મની માઈન્ડેડ સીવાયની નોંધ લેવાય.

મબલખ ટેલેન્ટેની ટંકશાળની સાથે આપણી યુવા પેઢીનો

આભાર - નિહારીકા રવિયા બહોળો વર્ગ એવો પણ છે કે ફૂલ ટાઈમ સાહિત્ય, શ્રૃંગાર, ઘરમાં બેસીને વડીલો જોડે પંચાત, કોલેજમાં ડેની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો, પુસ્તકનાં વિમોચન, ધાર્મિક સત્સંગ, શિબિર, મોટિવેશનના કાર્યક્રમો અને શબ્દોના સાથિયા અને સંવેદના જગાવવાના અતિરેકમાં તેનો કીમતી સમય વ્યતિત કરે છે.

# ખંભાતના અખાતમાં સુપ્ત ઊર્જાનો ઉદય

**ભાવનગર-સુરત ગેસ ભંડાર અને ગુજરાતના ભાવિ માટે સોનાની ખાણ જેવા પુરવાર થશે જે ગુજરાતને વધુ વાઇબ્રન્ટ બનાવશે સાથોસાથ રાષ્ટ્રની ઉર્જા સમસ્યાનો પણ અંત આવશે સૌથી મહત્વની વસ્તુ એ કે ભાવનગરમાં જે સીએનજી ટર્મિનલ બનાવવાનું છે તે આયાથી ગેસ પર આધારિત હશે પરંતુ જો ખંભાતના ખાતમાંથી જ આટલા મોટા પ્રમાણમાં ગેસ મળતો હોય તો તેનો ઉપયોગ ભાવનગર બંદર ના સીએનજી ટર્મિનલ માટે શા માટે ન થઈ શકે તે માટે પણ રાજ્ય સરકાર અત્યારથી વિચારે અને આ માટે પ્રોજેક્ટ તૈયાર કરે તે જરૂરી છે**

ભાવનગર બંદરરે ૧૯,૦૦૦ કરોડને ખર્ચે સીએનજી ટર્મિનલ બનાવવાનું છે હવે જ્યારે માત્ર સો કિલોમીટરની અંદર જ કુદરતી ગેસનો જબરજસ્ત ભંડાર મળતો હોય તો તે આ સીએનજી ટર્મિનલ ના વિકાસ માટે કેટલું મોટું પરિબળ પુરવાર થાય તેનો અંદાજ અત્યારથી કાઢીને આ પ્રોજેક્ટ વિશે નવેસરથી વિચાર કરવો જરૂરી છે સીએનજી એટલે કોમ્પ્રેસ ગેસ. અહીં જે મળશે તે નેચરલ ગેસ હશે તે કોમ્પ્રેસ થયેલો નહીં હોય આ માટેની વ્યવસ્થા પણ ભાવનગરના સમુદ્ર કિનારે ચોક્કસ થઈ શકે હવે આપણે આ નવા ગેસ ભંડારની શક્યતાઓ વિશે વિચારીએ. ગુજરાતના દરિયાકિનારે ફેલાયેલો ખંભાતનો અખાત ભારતની ઊર્જા યાત્રાના ઇતિહાસમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ ઇતિહાસની શરૂઆત ૧૯૬૦ના દાયકામાં થઈ, જ્યારે આલિયાબેટ નજીક ઓએનજીસી દ્વારા સાર્થક તેલ શોધ થઈ હતી. તે સમયે ઓએનજીસી ના સંશોધન દ્વારા મળી આવેલા આ ખનીજ તેલે એક આશાનો સંચાર કર્યો હતો. ભાવનગરના જહાજવાડા આલ્કોક ડાઉન માં આ ઓઈલ સંશોધનનું પ્લેટફોર્મ ભાવનગરના કુશળ કારીગરોએ બનાવેલું. આ ઉપરાંત નવીન આધુનિક જહાજો પણ અહીં બનતા છતાં ગુજરાત સરકાર દ્વારા સંચાલિત આ શિફ્ટ બિલ્ડીંગ યાર્ડ આજે બંધ હાલતમાં છે અહીં આધુનિક મશીનરી છે કોઈ જગ્યાએ ન હોય તેવા કુશળ કારીગરો જ છે આમ છતાં આ જહાજવાડો શા માટે બંધ છે તેના કારણો આજની તારીખે કોઈને સમજાતા નથી!!

આ જહાજવાડામાં બનેલા પ્લેટફોર્મ અને ડ્રીલિંગ રિંગ દ્વારા અહીં આલિયાબેટમાં તેલ સંશોધન સફળતાપૂર્વક થયેલું તે વખતના વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ આ ઓઈલના સંશોધનનો પ્રારંભ કરીને કાળા રંગના આ બ્લેક ગોલ્ડ ને નાળિયેર થી વધાવ્યું હતું પરંતુ પછી આ પ્રોજેક્ટ નું વળી ગયું. આવી જ રીતે રાજ્ય સરકારના સંચાલન નીચે રહેલું આલ્કોહોલ ડાઉન પણ આજની તારીખે બંધ છે રાષ્ટ્રના વિકાસ માટે આ પ્રોજેક્ટ ફરી શરૂ થાય તેવી ભાવનગરની જનતાની ઈચ્છા છે જેથી ભાવનગરનો સારી તે વિકાસ થઈ શકે ખંભાતના ખાતમાં આવેલું ઓઈલ અને કુદરતી ગેસનો ઉપયોગ હવે કરવામાં આવે તો માત્ર ભાવનગરને જ નહીં પરંતુ સુરત સહિતના સમગ્ર ગુજરાતને એમાં મોટો લાભ થશે અને રાષ્ટ્રની ઉર્જા સમસ્યા સો ટકા સંતોષ હશે એ હકીકત છે. વિકાસની શક્યતા હોવા છતા ગત વર્ષોમાં, અમુક રાજકીય હિતો અને લોબીના દબાણને કારણે આ પ્રોજેક્ટને એવી રીતે બંધ કરવામાં આવ્યો કે તેની સંભાવનાઓ ક્યારેય પૂર્ણ રીતે વિકસી શકી નહીં. એવું માનવામાં આવે છે કે તે સમયે મોટા પ્રમાણમાં ખનીજ તેલનો જથ્થો હોવા છતાં, રાજકીય શક્તિઓના સંતુલના અભાવે આ ઊર્જા સ્રોત પરત્વેનું ધ્યાન હટી ગયું અને એક મોટી સંભાવના સુપ્ત બની રહી. આજે, ઘણા દાયકા પછી, આ જ અખાત ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે, પરંતુ આ વખતે કુદરતી ગેસના વિશાળ જથ્થાની શોધ સાથે. ભાવનગર અને સુરત વચ્ચેના દરિયાઈ ક્ષેત્રમાં આવેલા અંબે બ્લોકમાં મળી આવેલો આ સ્રોત ગુજરાત અને દેશ માટે નવી ઊર્જા અને નવી આશાઓનું પ્રતીક બની રહ્યો છે.

ઓએનજીસીના પ્રારંભિક સફળ પ્રયત્નો અને પછીના રાજકીય ફેરફારોની પૃષ્ઠભૂમિમાં, વર્તમાન શોધનું મહત્વ વધુને વધુ સ્પષ્ટ થાય છે. વેદાંતા ગ્રુપની કંપની અને ભારતની અગ્રણી ખાનગી તેલ-ગેસ સંશોધન કંપની કેયર્ન ઓઈલ એન્ડ ગેસે જે શોધ કરી છે, તે ખંભાતના અખાતની ઊર્જા સંભાવનાઓ પ્રત્યેના વિશ્વાસને પુનઃસ્થાપિત કરે છે. 'અંબે-૨છ' કૂવામાં હાઈડ્રોકાર્બનની મળેલી હાજરી એ ફક્ત એક કૂવાની સફળતા નથી, તે એક વિશાળ

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

ભૌગોલિક રચના, માયોસીન-તારકેશ્વર ફોર્મેશનમાં સંભવિત રિઝર્વોયરનો સંકેત છે. આ શોધની ખાસ વિશેષતા એ છે કે આ પશ્ચિમ તટ પરનું પહેલું 'ડિસ્કવર્ડ સ્મોલ ફીલ્ડ' છે જે વાસ્તવિક ઉત્પાદન તરફ આગળ વધી રહ્યું છે. એટલે કે, શોધ થઈ ચૂકી છે અને હવે તેને મૂર્ત રૂપ આપી, ગેસને બહાર કાઢવાની પ્રક્રિયા શરૂ થઈ રહી છે. ૭૨૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો આ બ્લોક, જે અંદાજે અમદાવાદ શહેર કરતાં પણ મોટો વિસ્તાર ધરાવે છે, તે હવે ઊર્જા સુરક્ષાના નકશા પર એક મહત્વપૂર્ણ બિંદુ બની ગયો છે. આ શોધ માત્ર ભૂગર્ભમાં ગેસ મળવા સુધી મર્યાદિત નથી; તે તકનીકી દૃષ્ટિએ પણ એક નોંધપાત્ર સિદ્ધિ છે. અંબે બ્લોકમાં ડ્રિલિંગ માટે 'સબ-સી ટેમ્પલેટ' (જીજી) તકનીકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ આધુનિક પદ્ધતિમાં સમુદ્રનાં તળિયે એક મજબૂત ધાતુની ફ્રેમ સ્થાપિત કરવામાં આવે છે, જે ડ્રિલિંગની પ્રક્રિયા માટે અત્યંત સચોટ માર્ગદર્શન પૂરું પાડે છે. જેમ દોરી કાઢવા માટે ફૂટપટ્ટીની મદદ લેવાય છે, તેમ આ ટેમ્પલેટ ખાસ પ્રકારના મશીનોને ચોક્કસ સ્થાન પર અત્યંત સચોટતાથી કામ કરવામાં સહાય કરે છે. આથી, નાણાકીય અને પર્યાવરણીય જોખમો ઘટાડીને, સફળતાની સંભાવના વધારે છે. આ તકનીકી સફળતા એ ભારતીય દરિયાઈ શોધ-સંશોધન ક્ષેત્રમાં એક નવી માનદંડ સ્થાપિત કરે છે. આ શોધની આર્થિક અસર ગહન અને બહુપાસાર્થી છે. સૌપ્રથમ, સ્થાનિક સ્તરે ગુજરાત જેવા ઉદ્યોગ-પ્રધાન રાજ્યને વધુ વિશ્વસનીય અને સસ્તી ઊર્જા પુરવઠો મળશે, જેથી ઔદ્યોગિક વિકાસને ગતિ મળશે. રાજ્ય પહેલેથી જ દેશના કુદરતી ગેસ ઉત્પાદનમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં ૧૨૧૯ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર ગેસનું ઉત્પાદન થયું હતું, જે દેશમાં ચોથા ક્રમનું સ્થાન છે. નવી શોધથી આ આંકડામાં વધારો થવાની સંભાવના છે. રાષ્ટ્રીય સ્તરે, આ શોધ ભારતની ઊર્જા આત્મનિર્ભરતાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. કુદરતી ગેસનું આયાત પર નિર્ભરતાનું પ્રમાણ ઘટાડવામાં તે મદદરૂપ થશે, જેથી વિદેશી ચલણની બચત થશે અને વૈશ્વિક ઊર્જા બજારમાં થતા ફેરફારો પ્રત્યેની સંવેદનશીલતા ઘટશે. વધુમાં, શેલો વોટર (ઓછી ઊંડાઈ) વિસ્તારમાં હોવાને કારણે ઉત્પાદન ખર્ચ પણ પરંપરાગત ડીપ-વોટર પ્રોજેક્ટ્સ કરતાં ઓછો રહેશે. પરંતુ, આ આર્થિક અને તકનીકી ચર્ચાને એ ઐતિહાસિક પાઠ સાથે જોડીને જોવું આવશ્યક છે જે આલિયાબેટના પ્રોજેક્ટમાંથી મળે છે. રાજકીય ઈચ્છાશક્તિ અને લાંબા ગાળાના રાષ્ટ્રહિતનું સંતુલન કેટલું નિર્ણાયક છે, તે આ પ્રસંગ દર્શાવે છે. તેથી જ, અંબે બ્લોકની શોધને માત્ર એક વ્યાપારી સફળતા તરીકે ન જોઈને, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે મળીને એક સુસંગત, પારદર્શી અને લાંબા ગાળાની નીતિ અમલમાં મૂકવી જરૂરી છે. પાછલા અનુભવોના આધારે, આ પ્રોજેક્ટને ટકાઉ અને પર્યાવરણ-સંવેદનશીલ રીતે આગળ વધારવા માટે સ્પષ્ટ રાજકીય સંકલન અને સ્થાનિક સમુદાયોનો સહભાગ જરૂરી છે.

ભાવનગરના વિકાસ માટે નવી સંભાવનાઓ જાગી છે જેને કારણે ધોલેરા સરને હવે ભાવનગર સુધી લંબાવી દેવામાં કોઈને વાંધો ન હોઈ શકે કારણ કે ધોલેરા સર હવે ઉર્જા નું એક કેન્દ્ર બની શકે તેમ છે અને તેના વિકાસ માટે આ વચન જરૂરી પગલું જ છે. ભાવનગરની આર્થિક અને ભૌગોલિક ભૂમિકા પર આ શોધની ઊંડી અસર થવાની સંભાવના છે. દરિયાકિનારાથી માત્ર ૩૫ કિલોમીટર દૂર આવેલો આ બ્લોક ભાવનગરને

ઊર્જા ક્ષેત્રની દુનિયાના નકશા પર એક કેન્દ્રિય સ્થાને લાવી શકે છે. આ પ્રોજેક્ટથી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીના અવસરો સૃષ્ટિ થશે. ગેસની પાઈપલાઈન, પ્રોસેસિંગ યુનિટ અને સંબંધિત બંદર સુવિધાઓના વિકાસથી આખા પ્રદેશમાં આધારભૂત સંરચનાને ગતિ મળી શકે છે. શૈક્ષણિક અને તકનીકી સંસ્થાઓ માટે પણ નવા સંશોધન અને કૌશલ્ય વિકાસના માર્ગ ખૂલશે. ભાવનગર પહેલેથી જ સાંસ્કૃતિક વારસા અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું એક મિશ્રણ છે; ઊર્જા ક્ષેત્રની આ નવી વિભાવના તેના વિકાસમાં એક નવું અને શક્તિશાળી પરિમાણ ઉમેરી શકે છે. છેવટે, ખંભાતના અખાતમાં કુદરતી ગેસની આ શોધ એ ફક્ત એક સંસાધનની શોધ નથી; તે ઐતિહાસિક ખૂટી ગયેલી તકને પુનઃપ્રાપ્ત કરવાનો અને ભાવિ પેઢીઓ માટે ટકાઉ ભવિષ્ય રચવાનો એક અવસર છે. આ શોધ ભારતની ઊર્જા સુરક્ભાની દિશામાં એક મહત્વનું સ્તંભ બની શકે છે. જોકે, હજુ પણ ઘણું કરવાનું બાકી છે. ગેસનો સચોટ જથ્થો અને ગુણવત્તા નક્કી કરવા માટે વધુ કૂવાઓ ખોદવા અને વિગતવાર અભ્યાસ કરવાની જરૂર છે. એવો અંદાજ છે કે આ પ્રક્રિયામાં ૬થી ૮ મહિના લાગી શકે છે. આ સમયગાળો અનિશ્ચિતતા અને આશા વચ્ચેનો સમય છે. આજે, જ્યારે આપણે અંબે બ્લોકની સંભાવનાઓનું વિશ્લેષણ કરીએ છીએ, ત્યારે ભૂતકાળના પાઠોને યાદ રાખવા જરૂરી છે. રાજકીય ઈચ્છાશક્તિ, પારદર્શિતા અને લાંબા ગાળાના રાષ્ટ્રહિતને પ્રાથમિકતા આપવી તે આજની સફળતાને કાલની ટકાઉ વિરાસતમાં પરિવર્તિત કરવા માટે નિર્ણાયક છે. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે મળીને એવું વાતાવરણ સૃષ્ટિ કરવું જોઈએ જેમાં આ સંસાધનનો વિકાસ સ્થાનિક સમુદાયો, પર્યાવરણ અને રાષ્ટ્રીય હિતો સાથે સંરેખણમાં થાય. ખંભાતનો અખાત ફરી એકવાર ગર્જના કરી રહ્યો છે, પરંતુ આ વખતે તેની આવાજ સભર અને સ્થાયી વિકાસની હોવી જોઈએ. આ અવસરનો સદુપયોગ કરીને, ભાવનગર અને સમગ્ર ગુજરાત નવી ઊર્જા અને નવી ગતિ સાથે આગળ વધી શકે છે. રોહિતભાઈ અત્યારે જે તંત્રી લેખ અને ચોપાસ મોકલ્યું છે તે બંને પ્રાસંગિક હોવાથી આજે બંનેને મૂકવા વિનંતી છે જે એડવાન્સમાં પડ્યા છે તે હવે પછી મૂકવા વિનંતી...

# કેએલ રાહુલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા જઈ રહ્યો છે, તેમણે પોતે જ સંપૂર્ણ વિગતો જાહેર કરી



મુંબઈ,

કેએલ રાહુલ હાલમાં ટીમ ઈન્ડિયાના સૌથી વિશ્વસનીય બેટ્સમેનોમાંનો એક છે. તે ટેસ્ટ અને વનડેમાં ભારતીય ટીમ માટે સતત રમી રહ્યો છે. જોકે, ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં તેનું સ્થાન ઘટ્યું છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું કેએલ રાહુલ ટૂંક સમયમાં ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે. કેએલ રાહુલે પોતે જ સમગ્ર પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે. તેમનો પણ આવો વિચાર હતો, પણ રાહુલે વર્તમાન પરિસ્થિતિ વિશે વાત કરી છે.કેએલ રાહુલ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયા માટે ઓપનર તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ત્યારે તેમણે વનડેમાં ફિનિશરની ભૂમિકા પણ ભજવવી પડે છે. વધુમાં, તેઓ વિકેટકીપરની ફરજો પણ ખૂબ સારી રીતે નિભાવી રહ્યા છે. દરમિયાન, રાહુલે એક મુલાકાતમાં કહ્યું હતું કે તેમણે થોડા સમય પહેલા નિવૃત્તિ લેવાનું વિચાર્યું હતું, પરંતુ પછી તેમને ખ્યાલ આવ્યો કે હજુ થોડો સમય બાકી છે, તેથી તેઓ રમી રહ્યા છે. રાહુલે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન કેવિન પીટરસન સાથે વાત કરી છે.કેએલ રાહુલે સ્પષ્ટપણે કહ્યું હતું કે નિવૃત્તિ લેવાનો નિર્ણય મુશ્કેલ નહીં હોય, કારણ કે દુનિયામાં બીજી ઘણી બાબતો છે. રાહુલે કહ્યું કે જો તમે પ્રામાણિક છો, તો સમય આવશે ત્યારે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. આ એવી વસ્તુ છે જેને લાંબા સમય સુધી મુલતવી રાખી શકાતી નથી. પરંતુ તેમને લાગે છે કે તેમની નિવૃત્તિ હજુ થોડો સમય દૂર છે.૧૯૯૨માં જન્મેલા કેએલ રાહુલ હાલમાં ૩૩ વર્ષના છે. તે આ વર્ષે એપ્રિલમાં પોતાનો જન્મદિવસ ઉજવશે. રાહુલે ભારત માટે ૬૭ ટેસ્ટ મેચ રમી છે અને ૪,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે. તેણે આ ફોર્મેટમાં ૧૧ સદી અને ૨૦ અડધી સદી ફટકારી છે. વનડેમાં, તેણે ૯૪ મેચ રમી છે અને ૩,૩૬૦ રન બનાવ્યા છે. તેની પાસે વનડેમાં આઠ સદી અને ૨૦ અડધી સદી છે. તે બંને ફોર્મેટમાં સતત રમી રહ્યો છે.

રાહુલ ચોક્કસપણે ભારતની ટી૨૦ ટીમમાંથી બહાર છે. અહીં, તેણે ૭૨ મેચ રમી છે અને ૨,૨૬૫ રન બનાવ્યા છે. તેની પાસે ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં બે સદી અને ૨૨ અડધી સદી પણ છે. તેણે ૨૦૨૨માં પોતાની છેલ્લી ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી અને ત્યારથી તે ક્રિકેટની બહાર છે. જોકે, તે આઈપીએલમાં રમવાનું ચાલુ રાખે છે.

# ફેબ્રુઆરી-માર્ચમાં વનડે અને ટી ૨૦ શ્રેણી રમાશે, એશિયન ટીમ વેસ્ટ ઈન્ડીઝનો પ્રવાસ કરશે

નવીદિલ્હી,

૨૦૨૬નો પુરુષ ટી ૨૦ વર્લ્ડ કપ આવતા મહિને શરૂ થવાનો છે. આ ટુર્નામેન્ટ ૭ ફેબ્રુઆરીથી ૮ માર્ચ દરમિયાન રમાશે. આ સમયગાળા દરમિયાન, ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરશે, જે ૧૫ ફેબ્રુઆરીથી ૯ માર્ચ દરમિયાન રમાશે. દરમિયાન, બીજી એશિયન ટીમ ઘરઆંગણે મલ્ટી-ફોર્મેટ શ્રેણી રમશે. હકીકતમાં, શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમ ફેબ્રુઆરી-માર્ચમાં વેસ્ટ ઈન્ડીઝનો પ્રવાસ કરશે. આ પ્રવાસમાં, શ્રીલંકા યજમાન વેસ્ટ ઈન્ડીઝ સામે ત્રણ મેચની વનડે શ્રેણી અને ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી રમશે.

આ પ્રવાસની બધી છ મેચો ગ્રેનાડા નેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. પહેલી વનડે ૨૦ ફેબ્રુઆરીએ રમાશે, ત્યારબાદ બીજી ૨૨ ફેબ્રુઆરીએ અને ત્રીજી ૨૫ ફેબ્રુઆરીએ. ત્યારબાદ ટી ૨૦ શ્રેણી ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થશે. આ શ્રેણીની બીજી મેચ ૧ માર્ચે રમાશે, જ્યારે ત્રીજી અને અંતિમ મેચ ૩ માર્ચે રમાશે. ટી ૨૦ શ્રેણી ખાસ કરીને મહત્વપૂર્ણ રહેશે કારણ કે બંને ટીમો આ વર્ષે ઈંગ્લેન્ડમાં યોજાનાર ૨૦૨૬ મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ માટે તૈયારી કરી રહી છે. વેસ્ટ ઈન્ડીઝ અને શ્રીલંકા બંને ટુર્નામેન્ટના ગ્રુપ ૨ માં છે, જેમાં યજમાન ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને બે હજુ સુધી નક્કી ન થયેલા ક્વોલિફાયરનો પણ સમાવેશ થાય છે.

૨૦૨૪ એશિયા કપ જીત્યા પછી શ્રીલંકા પોતાની પહેલી ટી ૨૦ શ્રેણી જીતવા માટે પ્રયત્નશીલ રહેશે. તે જ સમયે, વેસ્ટ ઈન્ડીઝ ઘરઆંગણે સતત ત્રીજી શ્રેણી જીતવાનો પ્રયાસ કરશે. વેસ્ટ ઈન્ડીઝે બાંગ્લાદેશ અને દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે છેલ્લી બે ટી ૨૦ શ્રેણી જીતી છે. શ્રીલંકાએ છેલ્લે ૨૦૨૪ માં વનડે અને ટી ૨૦ શ્રેણી માટે વેસ્ટ ઈન્ડીઝનો પ્રવાસ કર્યો હતો. તે પ્રવાસ પર, શ્રીલંકાની મહિલા ટીમે વનડે શ્રેણી ૩-૦ થી જીતી હતી જ્યારે યજમાન ટીમ વેસ્ટ ઈન્ડીઝે ટી ૨૦ શ્રેણી ૨-૧ થી જીતી હતી. નોંધનીય છે કે શ્રીલંકા હાલમાં મહિલા વનડે રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને છે, જ્યારે વેસ્ટ ઈન્ડીઝ નવમા સ્થાને છે.

# ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ બંને માટે રમી ચૂકેલા ભૂતપૂર્વ ક્રિકેટર પાકિસ્તાનમાં કોચ બન્યા

કરાંચી,

ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેન લ્યુક રોન્ચીને પાકિસ્તાન સુપર લીગની ઐતિહાસિક ૧૧મી સીઝન પહેલા ત્રણ વખતના ચેમ્પિયન ઈસ્લામાબાદ યુનાઈટેડના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. લ્યુક રોન્ચી એવા થોડા ખેલાડીઓમાંના એક છે જેમણે વનડે ક્રિકેટમાં બે દેશોનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેમણે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ બંને માટે ક્રિકેટ રમી હતી. ઈસ્લામાબાદ યુનાઈટેડ ફ્રેન્ચાઈઝના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર લ્યુક રોન્ચીની નિમણૂકની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં લખ્યું હતું કે, "રોન્ચી ઘરે પરત ફરે છે. આ વખતે, તે પીએસએલ ૧૧ માટે મુખ્ય કોચ તરીકે ટીમનું નેતૃત્વ કરશે." રોન્ચી માઈક હેસનનું સ્થાન લે છે. હેસનને ટુર્નામેન્ટની આઠમી સીઝનમાં યુનાઈટેડ ફ્રેન્ચાઈઝના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, અને તેમના નેતૃત્વમાં, ટીમે ૨૦૨૪ માં મુલતાન સુલ્તાન્સને હરાવીને તેનું ત્રીજું ટાઈટલ જીત્યું હતું.

ફ્રેન્ચાઈઝ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં, યુનાઈટેડના નવા મુખ્ય કોચે ટીમ સાથેના તેમના ઊંડા ભાવનાત્મક જોડાણને વ્યક્ત કર્યું અને ઈસ્લામાબાદ યુનાઈટેડને એક એવી જગ્યા તરીકે વર્ણવ્યું જે હંમેશા તેમના માટે ઘર જેવું અનુભવાય છે. રોન્ચીએ કહ્યું કે ઈસ્લામાબાદ યુનાઈટેડ હંમેશા તેમના માટે ઘર જેવું અનુભવે છે. ટીમ, માલિકો, ચાહકો અને સમગ્ર ઈસ્લામાબાદ યુનાઈટેડ પરિવાર સાથેનો તેમનો સંબંધ ખરેખર ખાસ છે. તેમણે હંમેશા તે જોડાણને ગૌરવ સાથે સાચવ્યું છે.



તેમણે વધુમાં ઉમેર્યું કે મુખ્ય કોચ તરીકે પાછા ફરવું એ ખૂબ જ સન્માનની વાત છે. ઈસ્લામાબાદ યુનાઈટેડ તેના નિર્ભય ક્રિકેટ, પાત્ર અને વિજેતા માનસિકતા માટે જાણીતું છે. તે આ વારસાને આગળ વધારવા અને આ ઉત્કૃષ્ટ ટીમ માટે લીડર અને મેચ-વિનર્સના આગામી જૂથને વિકસાવવામાં મદદ કરવા માટે ઉત્સાહિત છે.રોન્ચી પીએસએલ માટે અજાણ્યો નથી. તે ૨૦૧૮ થી ૨૦૨૦ સુધી ત્રણ સીઝન માટે ઈસ્લામાબાદ યુનાઈટેડ માટે રમ્યો હતો. તેણે ૩૧ પીએસએલ મેચોમાં ૧૬૬.૧૨ ના પ્રભાવશાળી સ્ટ્રાઈક રેટથી ૧,૦૨૦ રન બનાવ્યા હતા, જેમાં ૧૦ અડધી સદીનો સમાવેશ થાય છે.

# ક્રિકેટ જગતને તેનો ૮મો મહાન બેટ્સમેન મળ્યો, જો રૂટે ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો

કોલંબો,

ઈંગ્લેન્ડના સ્ટાર બેટ્સમેન જો રૂટે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં મોટો ધમાકો કર્યો છે. તેણે શ્રીલંકા સામે શાનદાર સદી ફટકારીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. શ્રીલંકા સામેની ત્રીજી વનડેમાં સદી ફટકારીને, રૂટ ટેસ્ટ અને વનડે ક્રિકેટમાં ૨૦ કે તેથી વધુ સદી ફટકારનારા વિશ્વના બેટ્સમેનોના ચુનંદા ક્લબમાં જોડાઈ ગયો છે. રૂટ ટેસ્ટ અને વનડે બંને ફોર્મેટમાં ૨૦ સદી ફટકારનાર વિશ્વનો આઠમો બેટ્સમેન બન્યો છે.

ક્રિકેટ ઈતિહાસમાં પ્રથમ વનડે મેચ ૫ જાન્યુઆરી, ૧૯૭૧ ના રોજ મેલબોર્નમાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ હતી. ત્યારથી ૫૫ વર્ષ વીતી ગયા છે, અને હવે ઈંગ્લેન્ડનો પ્રથમ બેટ્સમેન છે જેણે વનડે અને ટેસ્ટ ક્રિકેટ બંનેમાં ૨૦ સદી ફટકારવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે.

કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાયેલી વનડે શ્રેણીના નિર્ણાયક મેચમાં, જો રૂટે ૧૦૮ બોલમાં અણનમ ૧૧૧ રનની શાનદાર ઈનિંગ રમી. આ તેની વનડે કારકિર્દીની ૨૦મી સદી હતી, જ્યારે તેના નામે ટેસ્ટ ક્રિકેટમાં ૪૦ થી વધુ સદી છે. આ સદી દરમિયાન, રૂટે વનડે ક્રિકેટમાં ૭૫૦૦ રનનો આંકડો પણ પાર કર્યો.

ટેસ્ટ અને વનડે બંને ફોર્મેટમાં ૨૦-૨૦ સદી ફટકારનાર બેટ્સમેન



સચિન તેંડુલકર - (ટેસ્ટ - ૫૧,વનડે - ૪૯)

રિકી પોન્ટિંગ - (ટેસ્ટ - ૪૧, વનડે - ૩૦)

કુમાર સંગાકારા - (ટેસ્ટ - ૩૮,વનડે - ૨૫)

હાશિમ અમલા - (ટેસ્ટ - ૨૮,વનડે - ૨૭)

એબી ડી વિલિયર્સ - (ટેસ્ટ - ૨૨,વનડે - ૨૫)


વિરાટ કોહલી - (ટેસ્ટ - ૩૦,વનડે - ૫૪)

ડેવિડ વોર્નર - (ટેસ્ટ - ૨૬,વનડે - ૨૨)

જો રૂટ - (ટેસ્ટ - ૪૧,વનડે - ૨૦)

શ્રીલંકા સામેની ત્રીજી વનડેમાં, ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરી અને ૩૫૭ રનનો વિશાળ સ્કોર બનાવ્યો.

# અરિજીત સિંહે પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિની જાહેરાત કરી, લખ્યું, "હું તેને અહીં જ સમાપ્ત કરી રહ્યો છું



મુંબઈ,

પ્રખ્યાત ગાયક અરિજીત સિંહ બોલિવૂડના સૌથી સફળ અને લોકપ્રિય પ્લેબેક ગાયકોમાંના એક છે. તેમના ગીતોને ચાહકો તરફથી અપાર પ્રેમ મળે છે. આ દરમિયાન, તેમણે એક એવી જાહેરાત કરી છે જેણે તેમના ચાહકોને આશ્ચર્ય અને નિરાશ કર્યા છે. અરિજીત સિંહે પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેમણે તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેમને જાણ કરવામાં આવી છે કે તેઓ પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિ લઈ રહ્યા છે. આ પોસ્ટે ચાહકોમાં હલચલ મચાવી દીધી છે. ફક્ત ૩૮ વર્ષની ઉંમરે કારકિર્દીના શિખર પર પહોંચેલા અરિજિત સિંહની આ પોસ્ટ જોઈને, ચાહકો પૂછી રહ્યા છે કે અરિજિત સિંહે આ નિર્ણય કેમ અને શા માટે લીધો.

અરિજિત સિંહે એક પોસ્ટ શેર કરી, જેમાં લખ્યું, "નમસ્તે, તમારા બધાને નવા વર્ષની શુભકામનાઓ. વર્ષોથી શ્રોતાઓ તરીકે મને આટલો પ્રેમ આપવા બદલ આભાર. હું તમને બધાને જણાવવા માંગુ છું કે હવેથી, હું પ્લેબેક સિંગર તરીકે કોઈ નવી સોંપણીઓ નહીં લઉં. હું આ વ્યવસાય છોડી રહ્યો છું. આ એક અદ્ભુત સફર રહી છે."

# પ્રીતિ ઝિન્ટાએ હિમવર્ષા વચ્ચે બાળકો સાથે 'સ્નો ગર્લ' બની: કહ્યું, 'મને શિમલામાં મારું બાળપણ યાદ આવ્યું.'

મુંબઈ,

જ્યારે હિમવર્ષા અને કઠોર શિયાળો ઘણા પડકારો લાવે છે, ત્યારે લોકો તેનો આનંદ પણ માણે છે. બાળકો, ખાસ કરીને, સ્નોમેન બનાવવામાં ખુશ છે. પ્રીતિ ઝિન્ટા પણ તેના બાળકો સાથે હિમવર્ષાનો આનંદ માણી રહી છે. જો કે, તેણે "સ્નો ગર્લ" બનાવી, "સ્નોમેન" નહીં. આ શિમલામાં તેના સમયની યાદો પાછી લાવે છે.

પ્રીતિ ઝિન્ટાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી. તેમાં, તે બરફવર્ષા વચ્ચે પોઝ આપતી જોઈ શકાય છે. આમાં એક "સ્નો ગર્લ" પણ શામેલ છે, જે અભિનેત્રીએ તેના બાળકો સાથે બનાવી છે. પ્રીતિ ઝિન્ટાએ પોસ્ટનું કેપ્શન આપ્યું, "મેં પહેલા ઘણી વખત સ્નોમેન બનાવ્યા છે, પરંતુ આ વખતે, બાળકોનો આભાર, અમે સ્નો સ્કર્ટ સાથે સ્નો ગર્લ બનાવી. તે મને યાદ અપાવે છે કે જ્યારે હું શિમલામાં બરફથી ઘેરાયેલી નાની છોકરી હતી. એવું લાગે છે કે સમય ઉડે છે અને જીવન કેવી રીતે સંપૂર્ણપણે બદલાઈ ગયું છે.

પ્રીતિ ઝિન્ટા, જેમણે ઘણી પ્રશંસનીય બોલિવૂડ ફિલ્મોમાં અભિનય કર્યો છે, ૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ અમેરિકન નાગરિક જીન ગુડઈનફ સાથે લગ્ન કર્યા પછી, યુએસએના લોસ એન્જલસમાં સ્થાયી થઈ. તે તેના પતિ સાથે લોસ એન્જલસમાં રહે છે. જો કે, તે વારંવાર કામ માટે ભારતની મુલાકાત લે છે. પ્રીતિ અને જીન ગુડઈનફે ૨૦૨૧ માં સરોગસી દ્વારા જોડિયા બાળકોનું સ્વાગત કર્યું.

કામની વાત કરીએ તો, પ્રીતિ ઝિન્ટા "લાહોર ૧૯૪૭" ફિલ્મમાં જોવા મળશે. રાજકુમાર સંતોષી દ્વારા દિગ્દર્શિત, તે સની દેઓલ સાથે અભિનય કરશે. આ ફિલ્મનું નિર્માણ આમિર ખાન કરી રહ્યા છે.



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દ | ધી | ક | ઓ | ર | કુ | મા | ર | ક | બં | આ | દુ |
| બ | ર | બા | મ | ળો | ર | રી | ધ | ધ | દ | ડી | નિ |
| દ | જ | બં | અ | ણિ | જ્ઞા | ગી | વિ | દુ | વિ | ધા | યા |
| બો | ભો | ત્રિ | ગ | મા | નિ | ગી | લ | ધો | ર | ણ | ળ |
| વિ | કો | ળો | વ | ર | રા | વે | જી | ક્રો | બં | કા | આ |
| ણ | વ | આ | પ્ર | ક્રો | ગ | દા | દ | ઉ | તી | બા | ન |
| પ્ર | ક | ર | ણ | પ્ર | શ | ર | ક | ન | કા | ઉ | ધ |
| ડી | દ | સા | કા | વિ | ણ | કા | મો | ત્રિ | ગ | ધ | વા |
| રો | મા | ધ | કા | ચા | ક્ષ | શિ | શ | વે | ક | મા | દ |
| ર | ન | ર | કે | સ | રી | પ્રા | મા | ણી | બા | લી | મ |
| કા | ક | સા | પ્ર | ત | ચા | બૂ | ળ | ધ | ભા | ગ | ગ |
| ક્રો | મ | શ | ડી | લ | ઔ | ન | હિ | ક | ક | સ | ન |

શબ્દ શોધો: **ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ**

# પ્રેમમાં દગો, એક વર્ષમાં લગ્ન તૂટી ગયા, ગાયક તેના બાળપણના મિત્ર સાથે ફરી જોડાયો



મુંબઈ,

અરિજીત સિંહને ઉદ્યોગમાં કોઈ પરિચયની જરૂર નથી. તેમના સુરીલા અને ભાવનાત્મક અવાજથી, તેમણે લાખો હૃદયમાં એક ખાસ સ્થાન બનાવ્યું છે. રોમેન્ટિક લોકગીતો હોય કે કરુણ ગીતો, અરિજીતનું ગાયન દરેક ભાવનાને ઊંડાણપૂર્વક સ્પર્શે છે. સંગીતની દુનિયામાં તેની હાજરી એક માપદંડ બની ગઈ છે. ગઈકાલે, ગાયકે તેની કારકિર્દી અંગે એક મોટી અપડેટ શેર કરી. તેણે પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે અને સોશિયલ મીડિયા દ્વારા તેની જાહેરાત કરી છે. ગાયકની પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે, જેના કારણે ચાહકો નિરાશ થયા છે. વધુમાં, ગાયકનું અંગત જીવન પણ ચર્ચામાં આવ્યું છે.

જોકે અરિજીત સિંહ લાઈમલાઈટથી દૂર રહેવાનું પસંદ કરે છે અને તેની સરળ જીવનશૈલી માટે જાણીતા છે, જ્યારથી આ સમાચાર આવ્યા છે, ત્યારથી તે ટ્રેન્ડિંગમાં છે, અને લોકો તેને ઓનલાઈન શોધી રહ્યા છે. તેથી, અમે તમને તેની પ્રેમકથા કહેવા જઈ રહ્યા છીએ. ૨૦ જાન્યુઆરી એ અરિજીત સિંહ માટે ફક્ત એક તારીખ નથી, પરંતુ તેના અંગત જીવન સાથે જોડાયેલો એક ખૂબ જ ખાસ પ્રસંગ છે. આ દિવસે, તેણે તેના બાળપણના મિત્ર કોયલ રોય સાથે લગ્ન કર્યા, તેના બીજા લગ્ન, એક હકીકત જેનાથી ઘણા લોકો હજુ પણ અજાણ છે.

અરિજીત સિંહે ૨૦૦૫ માં રિયાલિટી શો ફેમ ગુરુકુલથી પોતાની ગાયકી કારકિર્દીની શરૂઆત કરી હતી. આ તે પ્લેટફોર્મ હતું જેણે તેમને ઓળખ આપી અને તેમનો પહેલો પ્રેમ પણ લાવ્યો. શો દરમિયાન, અરિજીત રૂપરેખા બેનર્જીને મળ્યો, જે એક સહભાગી પણ હતી. તેઓ નજીક આવ્યા અને ટૂંક સમયમાં લગ્ન કરી લીધા.

# ખીજડીયા બાયપાસ પાસે વૃદ્ધાશ્રમમાં આગ ભભૂકતા અફરા તફરી

**ફર્નિચર-દવાનો જથ્થો તથા ફર્નિચર સહિતનો માલ-સામાન બળીને ખાખ, ૨૫ જેટલા વૃધ્ધોને સલામત રીતે બહાર કાઢી લેવાયા**



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર આવેલ ખીજડીયા બાયપાસ પાસે અમન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વૃદ્ધાશ્રમના સ્ટોર રૂમમાં ગઈકાલે સાંજના સમયમાં અકસ્માતે આગ લાગી હતી. મીટર બોક્સમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ ભુભકતા ત્યાં દવાનો જથ્થો એક કબાટમાં રાખવામાં આવ્યો હતો, તે જથ્થો સળગ્યો હતો, ઉપરાંત આસપાસના વિસ્તારમાં ફર્નિચર, સાવરણી, લાકડા પાઈપ વગેરે રાખવામાં આવ્યા હતા, તેમાં પણ આગ લાગી હતી. જે બનાવને લઈને થોડો સમય માટે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. વૃદ્ધાશ્રમની અંદર હાજર રહેલા ૨૫ જેટલા વડીલોને સલામત રીતે ખસેડી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ આગના બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરાતાં ફાયર ઓફિસર ઉમેદ ગામેતી સહિતની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને પાણીના એક ટેન્કર વડે આગને કાબુમાં લઈ લીધી હતી. જેથી સમયસર આગ કાબુમાં આવી જતાં સર્વેએ હાશકારો અનુભવ્યો હતો. જો કે તે પહેલાં ફર્નિચર, સાવરણી અને દવાનો જથ્થો વગેરે બળીને ખાખ થઈ ગયો હતો.

## જામજોધપુર તાલુકાના ભોજાબેડી ખાતે ટીબી અંગે જાગૃતિ શિબિર યોજાઈ



જામનગર : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'ટીબી મુક્ત ભારત' અભિયાનને વેગ આપવા માટે જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શેઠવડાલા અંતર્ગત ભોજાબેડી ગામ ખાતે ટીબી જાગૃતિ અંગે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગ્રામજનોને ટીબી રોગના ફેલાવા, લક્ષણો, નિદાન અને સરકારની વિવિધ સહાય યોજનાઓ અંગે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચ પુંજાભાઈ વારસકીયા અને ઉપસરપંચ પુંજાભાઈ સરસીયાએ ટીબીના દર્દીઓને માનસિક અને સામાજિક ટેકો પૂરો પાડવા માટે 'નિક્ષય મિત્ર' તરીકે જોડાઈને સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપર પ્રસાદ, જિલ્લા ક્ષય અધિકારી ડો.પંકજકુમાર સિંઘ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. અલ્તાફ વસનાણીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ શિબિરમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો સહભાગી થયા હતા. મેડિકલ ઓફિસર ડો. પાર્થ મકાતી, જિલ્લા પી.પી.એમ. કોર્ડિનેટર ચિરાગ પરમાર, ટીબી સુપરવાઈઝર પ્રવીણભાઈ ચાવડા અને સી.એચ.ઓ. પ્રદીપભાઈ સાગઠીયાએ ઉપસ્થિત રહીને સરકાર દ્વારા અપાતી 'નિ-ક્ષય પોષણ યોજના' અને સારવારની પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે ટીબીની સારવાર ૬ મહિના કે તેથી વધુ સમય ચાલે છે, જે દરમિયાન દર્દીને પરિવાર અને સમાજના સહકારની (સાયકોલોજીકલ સપોર્ટ) ખાસ જરૂર હોય છે. આ જરૂરિયાતને સમજીને ગામના બંને મોભીઓએ નિક્ષય મિત્ર તરીકે જવાબદારી સ્વીકારી અન્ય લોકો માટે પ્રેરણા પૂરી પાડી હતી.

## આરંભડા ગામે વીર દાદા જસરાજના સોર્ય દિન નિમિત્તે રઘુવંશી પરિવારનું નાત જમણ



દ્વારકા : ઓખા મંડળ દેવભૂમિ દ્વારકાના આરંભડા ગામે આવેલ જલારામ મંદિર ગુજરાતનું મીની વીરપુર ગણાય છે ત્યારે ગઈકાલે વીરદાદા જસરાજની ૯૬૮ મી સોર્ય દીન પુણ્યતિથિ નિમિત્તે રઘુવંશી સમાજનું (પ્રસાદી) નાતનુ ભવ્ય આયોજન કરેલ હતું.

જેમા ઓખા, સુરજકરડી, મીઠાપુર અને દ્વારકાના સર્વે રઘુવંશી ભાઈઓ તથા બહેનો એ આ પ્રસાદીનો લાભ લીધો હતો. અહી આ જલારામ મંદિર ના મુખ્ય પ્રણિતા મનસુખભાઈ બારાઈ તથા અનુપમભાઈ બારાઈ પરિવારના સભ્યો સાથે જલારામ ચેરીટેબલ ટ્રસ્ટના યુવાન સભ્યો તથા ઓખા, સુરજ કરાડી, મીઠાપુર, અને દ્વારકાના રઘુવંશી યુવાનો તથા રઘુવંશી મહિલા મંડળે આ કાર્યક્રમને સફળ બનાવવા ખુબ સારી જહેમત ઉઠાવી હતી. ઓખા નગરપાલીકા પ્રમુખશ્રી રાજુભાઈ કોટક, વેપારી અગ્રણીય બટુકભાઈ થૉભાણી, જલારામ મંદિર ટ્રસ્ટી અનુપમભાઈ બારાઈ સાથે દરેક રઘુવંશી અગ્રણીય ભાસ્કર ભાઈ મોદી, ચેતનભાઈ મોદી સાથે સમસ્ત રઘુવંશી સમાજે એ આ કાર્યને બિરદાવતા શુભકામના પાઠવી હતી. અહી ઓખા મહાજન પ્રમુખ મોહનભાઈ બારાઈ એ પોતાની દીકરી સમાન પુત્રવધુ ને શ્રદ્ધાંજલિ આપતા ૫૧,૦૦૦ નો ફાળો આપ્યો હતો.

## પીરોટન ટાપુ ઉપર પ્રજાસતાક પર્વે ધ્વજવંદન



જામનગર : ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૫મી ઓગષ્ટ તથા ૨૬મી જાન્યુઆરી દરમિયાન દેશના ટાપુઓ ઉપર ધ્વજવંદન કરવામાટે અપાયેલા સુચન અનુસાર તેમજ ગુજરાત રાજયના કોસ્ટલ સિક્યુરિટી, વિભાગના પોલીસ મહાનિરીક્ષકની સુચના અન્વયે તેમજ જામનગર ન જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ તા.૨૬મી જાન્યુઆરી-૨૦૨૬ ના રોજ સ્વતંત્ર ભારતના ૭૭માં પ્રજાસતાક દિનની પીરોટન ટાપુ ખાતે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારત સરકાર તથા ગુજરાત સરકારનું સુરક્ષા તથા વહીવટી તંત્ર ભારતના છેવાડાના વિસ્તારો તેમજ ટાપુઓની સુરક્ષા માટે કટીબધ્ધ હોવાનો સંદેશો પહોંચાડવાના ભાગરૂપે તથા ભારતના ૭૭માં પ્રજાસતાક દિનની ઉજવણીના ભાગરૂપે જામનગર જીલ્લાના દરિયાઈ વિસ્તારમાં આવેલ પીરોટન ટાપુ ખાતે તા.૨૬મી જાન્યુઆરીના કોસ્ટલ સિક્યુરીટી, ગુ.રા. ગાંધીનગરના પોલીસ અધિક્ષક સુબોધ માનકરના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન જામનગરના બેડી મરીન પોલીસ, ભારતીય નેવી-આઈએનએસ વાલસુરા, કોસ્ટગાર્ડ વાડીનાર, મરીન ટાસ્ક ફોર્સના કમાન્ડો, સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ, મરીન નેશનલ પાર્ક ફોરેસ્ટ, સેન્ટ્રલ આઈ.બી, સ્ટેટ આઈ.બી.. ફીશરીઝ વિભાગ, પીરોટન લાઈટ હાઉસ સહિતના કુલ- ૫૦ અધિકારી-કર્મચારીઓ જોડાયા હતા.

## વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજમાં ૭૭માં ગણતંત્ર દિવસની ઉજવણી



વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ જામનગરમાં તા.૨૬ના રોજ ૭૭માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર પંકજભાઈ છીછીઆ, પ્રિન્સિપાલ શ્રી રામ કેવલરામાણી, અધ્યાપકો તથા વિધાર્થીઓ દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ હતું. ત્યારબાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં સ્પીચ, ક્વિઝ તથા સંગીત જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં કોલેજ મેનેજમેન્ટના સભ્ય,પ્રિન્સિપાલ તથા સ્ટાફ મિત્રોનો અમૂલ્ય સહયોગ રહ્યો હતો.

## જામનગરના કલાકારોનું ચિત્ર પ્રદર્શન રાજકોટની શ્યામા પ્રસાદ મુખર્જી ગેલેરીમાં રજૂ કરાયું



જામનગર : લલિતકલા અકાડમીની આર્થિક સહાયથી જામનગરના કલાકારોનું સમૂહ ચિત્ર પ્રદર્શન રાજકોટની ડો. શ્યામા પ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીમાં રજૂ થયું હતું.

તા. ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરીના ત્રણ દિવસ માટે જામનગરના અનુભૂતિ ગ્રુપના કલાકારો પૂર્વી પરીખ, ભાવિક પરમાર, નિરાલીબા વાઢેર, મેઘા ભાલારા, ઈશિતા પાટડીયા અને આર્યન ભુવા દ્વારા ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

આ પ્રદર્શનમાં પેન્સિલ કલર, ચારકોલ, એક્રેલિક અને પોસ્ટર કલર માધ્યમથી બનાવાયેલા કુલ ૩૩ જેટલા ચિત્રો રજૂ કરવામાં આવ્યા. આ સમૂહ ચિત્ર પ્રદર્શનનું ઉદ્ઘાટન આનંદ શાહ (વોટર કલર આર્ટિસ્ટ) તથા સંજય જાની (આર્ટિસ્ટ, કો-ફાઉન્ડર, અનુભૂતિ ગ્રુપ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ ચિત્ર પ્રદર્શન જોવા માટે રાજકોટ અને જામનગર ઉપરાંત ગુજરાતભરના કલા પ્રેમી જનતા ઉમટી પડી હતી.

## જામનગર ટેક્સ બાર એસોસિએશન દ્વારા આવતીકાલે સેમિનાર

જામનગર : ધ જામનગર ટેક્સ બાર એસોસિએશન દ્વારા ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સના સહયોગથી કરવેરા, GST અને AI બિઝનેસ વિષયક સમકાલીન અને અત્યંત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર એક અર્ધદિવસીય સંયુક્ત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેમિનાર તા. ૩૦ જાન્યુઆર-૨૦૨૬ના રોજ સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી, JCCI હોલ, જામનગર ખાતે યોજાશે. સેમિનારમાં અમદાવાદના પ્રતિષ્ઠિત વક્તાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સીએ. પુનિત પ્રજાપતિ દ્વારા ફેક ઈન્વોઈસિંગના આરોપ સામે બચાવ કેવી રીતે કરવો? વિષય પર વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવશે, જેમા ITC સંબંધિત મુદ્દાઓ તથા ન્યાયિક દૃષ્ટિકોણનો સમાવેશ રહેશે. સીએ. શ્રીધર શાહ દ્વારા iThink Smart, Wrok Smart: બિઝનેસ અને કરક્ષેત્રમાં Aૈના વાસ્તવિક ઉપયોગ વિષય પર પ્રવચન આપવામાં આવશે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સ્માર્ટ અને પ્રાયોગિક ઉપયોગ પર પ્રકાશ પાડવામાં આવશે. આજના સતત બદલાતા કરવેરા અને બિઝનેસ ક્ષેત્રમાં વ્યાવસાયિકોને અદ્યતન જાણકારી અને વ્યવહારુ દૃષ્ટિકોણ મળવો અત્યંત આવશ્યક છે. આ સેમિનાર દ્વારા કરવિદો, સલાહકારો, વેપારીઓ તથા અન્ય સંબંધિત વ્યાવસાયિકોને મહત્વપૂર્ણ શૈક્ષણિક લાભ મળે તેવી આયોજકોની ઈચ્છા છે. રસ ધરાવતા પ્રતિભાગીઓ નીચે આપેલ મોબાઈલ નંબરમાં સંપર્ક સાથે નોંધણી કરાવી શકે છે. મોબાઈલ નંબર—૯૬૬૨૯ ૫૪૪૯૧ છે.

## દ્વારકામાં ફેબ્રુઆરીના પ્રારંભે યોજાનાર પૂ. મોરારીબાપૂની રામકથાના ભવ્ય આયોજન અંગે બેઠક યોજાઈ



દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં આગામી ફેબ્રુઆરી માસના પ્રારંભે પ્રસિધ્ધ રામકથાકાર પૂ.મોરારી બાપૂની રામકથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અંગે આશરે દસ દિવસ પહેલા જ તૈયારીઓ આરંભી દેવાઈ છે ત્યારે એક સપ્તાહ બાદ યોજાનાર રામકથાના સુચારૂ આયોજન અંગે ગઈકાલે દ્વારકાના શારદાપીઠ ખાતે બ્રહમચારી નારાયણાનંદજી મહારાજના અધ્યક્ષસ્થાને સંતો, મહંતો, સન્નિષ્ઠ નાગરીકો, વ્યાપારી અગ્રણીઓ અને પત્રકારોની બેઠક યોજવામાં આવી હતી.

દ્વારકામાં અરબી સમુદ્રના કાંઠે સનસેટ પોઈન્ટ નજીકના સર્કિટ હાઉસ પાછળના વિશાળ ગ્રાઉન્ડમાં જામનગરના તબીબ પૂર્ણિમાબેન જેઠવાના યજમાનપદે પૂ.મોરારી બાપુની રામકથાનું આયોજન આગામી ૫મી ફેબ્રુઆરીથી થવા જઈ રહયુ છે. તા.૫ ફેબ્રુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધી તા.૫મીએ સાંજે ૪ કલાકે તેમજ અન્ય દિવસોમાં દરરોજ સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી યોજાનાર રામકથાનું રસપાન પૂ.મોરારી બાપૂના શ્રીમુખેથી શ્રોતાઓ સાંભળી શકશે. આ ઉપરાંત ભોજન, ભંડારા, સત્સંગ, ભકિત અને શકિતના આ ધર્મોત્સવ યોજાનાર હોય ગતસાંજે શારદાપીઠ ખાતે યોજાયેલ બેઠકમાં શારદાપીઠના નારાયણાનંદજી, સનાતન સેવા મંડળના કેશવાનંદજી, ગુ.જ્ઞાતિના પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ પુરોહિત, પૂજારી પ્રતિનિધિ, સામાજિક સંસ્થાના આગેવાનો, વેપારી આગેવાનો, પત્રકારો સાથેની મીટીંગમાં સમગ્ર ધર્મોત્સવની રૂપરેખા વર્ણવી સુચારૂ આયોજન હેતુ ચર્ચા વિચારણા કરવામાં આવેલ. આ અગાઉ પણ મોરારી બાપૂના શ્રીમુખેથી યાત્રાધામ દ્વારકામાં તથા નાગેશ્વર જ્યોર્તિલિંગ અને બેટ દ્વારકામાં અગાઉ રામકથાના આયોજન થઈ ચૂકયા છે.

## અવસાન નોંધ

**જામનગર :** મીઠુંભાઈ કુંવરજી મજીઠીયા તે સ્વ.લક્ષ્મીબેન અને કુંવરજીભાઈ મજીઠીયાના પુત્ર તથા સ્વ.કમળાબેનના પતિ તથા સ્વ.ઉમરશી સોમૈયાના જમાઈ તથા મહેશ, બિપીન, સ્વ.રાજેશના પિતા તથા નિશાબેન, વર્ષાબેનના સસરા તથા ઉર્વી, ખ્યાતિ, કોમલ, જાનવી અને હર્ષિતના દાદાનું તા.૨૮ના રોજ અવસાન થયેલ છે.સદગતનું બેસણું આજે તા.૨૯ના રોજ સાંજે ૫ થી ૫:૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે રાખેલ છે.

**જામનગર :** જામનગર નિવાસી સ્વ. મધુબેન કિશોરભાઈ શેઠ (ઉ.વ.૭૯) તે સ્વ. કિશોરભાઈ મોહનલાલ શેઠના પત્ની તથા હિમાંશુભાઈ અને લીનાબેન ભાવેશભાઈ મેહતાના માતુશ્રી તથા જિજ્ઞાસાબેન તથા ભાવેશભાઈ ના સાસુમા તથા સાહસ અને ઝીલી ના દાદી તથા સેવંતીભાઇ, નરેન્દ્રભાઈ તથા પુષ્પાબેન (રાજકોટ)ના ભાભી તથા લીલાધર ઠાકરશી વારીયા ના પુત્રી નુ આજરોજ ૨૯-૧-૨૦૨૬ ના અરિહંત શરણમ પામેલ છે. સદગત નુ ઉઠમણું બપોરે ૪ વાગે ૩૦-૧-૨૦૨૬ ને શુક્રવાર ના રોજ વારીયા ના ડેલા ઉપાશ્રય, ગાંધી ના પૂતળા ની સામે, ચાંદીબજાર, જામનગર ખાતે રાખેલ છે.

# અમેરિકા ઈરાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે ટ્રમ્પનો મોટું પગલું વધુ એક યુએસ યુદ્ધ જહાજ તેહરાન તરફ આગળ વધ્યું

## સેનેટર લિન્ડસે ગ્રેહામે ઈરાન સામે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના યુદ્ધ જહાજની ધમકીને ટેકો આપ્યો




વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે તણાવ ચાલુ છે. પરિસ્થિતિ એવી છે કે સમગ્ર મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ તંગ દેખાય છે. યુએસ એરક્રાફ્ટ કેરિયર યુએસએસ અબ્રાહમ લિંકન પહેલાથી જ ઈરાન નજીક આવી ગયું છે, અને હવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરીને સનસનાટી મચાવી છે કે બીજું યુએસ યુદ્ધ જહાજ તેહરાન તરફ આગળ વધી રહ્યું છે. ટ્રમ્પે કહ્યું, "હમણાં ઈરાન તરફ આગળ વધી રહ્યું છે. મને આશા છે કે તેઓ કોઈ સોદો કરશે."

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું આ નિવેદન મહત્વપૂર્ણ છે કારણ કે સેનેટર લિન્ડસે ગ્રેહામે બુધવારે ઈરાન સામે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના યુદ્ધ જહાજની ધમકીને ટેકો આપ્યો હતો. ગ્રેહામે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, "શ્રીમાન રાષ્ટ્રપતિ, શાબાશ. ઈરાનમાં વિરોધીઓને ટેકો આપતા રહો. તેઓ આપણા મિત્રો હોઈ શકે છે. આયાતુલ્લા ક્યારેય આપણા મિત્ર નહીં બને."

ઈરાન પર સંભવિત યુએસ હુમલા વચ્ચે, ઈરાનના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેનીએ રાજધાની, તેહરાનમાં એક ભૂગર્ભ બંકરમાં સ્થળાંતર કર્યું છે. ઈરાન ઈન્ટરનેશનલ દ્વારા ટાંકવામાં આવેલા સૂત્રો અનુસાર, આયાતુલ્લાહના ત્રીજા પુત્ર, મસૂદ ખામેનીએ તેમના કાર્યાલયના દૈનિક સંચાલનનો હવાલો સંભાળ્યો છે.

દરમિયાન, એ નોંધનીય છે કે ઈરાનમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો પરના કડક કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૬,૧૫૯ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે ઘણા વધુ લોકોના મૃત્યુની આશંકા છે. આ માહિતી યુએસ સ્થિત હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સી દ્વારા આપવામાં આવી હતી. દરમિયાન, ઈરાની સરકારે ૩,૧૧૭ જેટલા મૃત્યુઆંકનો ખૂબ ઓછો આંકડો જાહેર કર્યો છે.

# ઈરાન વિરુદ્ધ કોઈપણ લશ્કરી કાર્યવાહી માટે હવાઈ ક્ષેત્ર અથવા પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી નહીં

## યુએઈ પછી હવે સાઉદી અરેબિયાએ અમેરિકાને ફટકો માર્યો

વોશિંગ્ટન,

ઈરાન પર હુમલો કરવાની ધમકી આપનાર અમેરિકાને ફરી એકવાર મોટો ઝટકો લાગ્યો છે. સંયુક્ત આરબ અમીરાત પછી, સાઉદી અરેબિયાએ પણ ઈરાન પર હુમલાની સંભાવના અંગે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે ફોન પર વાત કરી. વાતચીત દરમિયાન, પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે કિંગડમ ઈરાન વિરુદ્ધ કોઈપણ લશ્કરી કાર્યવાહી માટે તેના હવાઈ ક્ષેત્ર અથવા પ્રદેશનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે નહીં.

ક્રાઉન પ્રિન્સે કહ્યું હતું કે સાઉદી અરેબિયા ઈરાનની સાર્વભૌમત્વનું સન્માન કરે છે અને સંવાદ દ્વારા વિવાદોને ઉકેલવાના કોઈપણ પ્રયાસને સમર્થન આપે છે જે પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા વધારે છે. રાષ્ટ્રપતિએ ઈરાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના સન્માનમાં કિંગડમના વલણ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરવાના તેમના પ્રયાસો બદલ ક્રાઉન પ્રિન્સનો આભાર માન્યો.

અગાઉ, ઈરાની મીડિયાએ પેઝેશ્કિયાનને ટાંકીને કહ્યું હતું કે તેહરાન હંમેશા આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરે છે અને યુદ્ધને અટકાવતી તેના માળખામાં કોઈપણ પ્રક્રિયાનું સ્વાગત કરે છે. પેઝેશ્કિયાને પ્રિન્સ મોહમ્મદને એમ પણ કહ્યું હતું કે ઈસ્લામિક દેશોની એકતા અને એકતા પ્રદેશમાં કાયમી સુરક્ષા, સ્થિરતા અને શાંતિની ખાતરી આપી શકે છે.

# દિલ્હીમા ૩ સગીર છોકરાઓં ૬ વર્ષની બાળકી પર સામૂહિક બળાત્કાર

## બે આરોપી છોકરાઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ત્રીજો ફરાર

નવીદિલ્હી,

દિલ્હીના ભજનપુરામાંથી એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ૬ વર્ષની બાળકી પર સામૂહિક બળાત્કાર થયો છે. ૧૦, ૧૩ અને ૧૪ વર્ષની ઉંમરના ત્રણ સગીર છોકરાઓ પર સામૂહિક બળાત્કારનો આરોપ મૂકવામાં આવ્યો છે. પોલીસ કહે છે કે બે આરોપી છોકરાઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ત્રીજો ફરાર છે. ત્રીજા આરોપીનો પરિવાર પણ ગુમ છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના ૧૮ જાન્યુઆરી ના રોજ બની હતી. આ પછી, છોકરીના પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી. પોલીસે જણાવ્યું કે ત્રણ છોકરાઓએ છોકરીને લલચાવીને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓની ઓળખ થઈ ગઈ છે અને બેની ધરપકડ કરવામાં આવી છે. એક ફરાર છે. બેને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે.

પોલીસે જણાવ્યું કે છોકરીને તબીબી તપાસ માટે લઈ જવામાં આવી હતી, જ્યાં તેને જરૂરી સંભાળ અને કાઉન્સેલિંગ મળી રહી છે. છોકરીનું નિવેદન નોંધવામાં આવ્યું છે. આ કેસમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે, અને ત્રીજા આરોપીની શોધ ચાલી રહી છે.ત્રીજા આરોપીને શોધવા માટે એક ટીમ બનાવવામાં આવી છે અને નજીકના સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવી રહ્યા છે. પોલીસ કહે છે કે તેઓ ટૂંક સમયમાં ત્રીજા આરોપીને પકડી લેશે.

ઉલ્લેખનીય છે કે દેશમાં બળાત્કાર અને સામૂહિક બળાત્કાર સામે કડક કાયદા હોવા છતાં, આવા ગુનાઓ સતત ચાલુ છે. દેશમાં લગભગ દરરોજ એક મહિલા આવા ગુનાઓનો ભોગ બને છે. તેથી, આવા કેસોને પ્રાથમિકતાના ધોરણે ઉકેલવા અને ગુનેગારોને એટલી કડક સજા મળે કે કોઈ પણ વ્યક્તિ આવો ગુનો કરવાથી ડરે.

# ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ' પહેલ માટે વધું ૨૦ દેશોએ સાઈન અપ કર્યું : વ્હાઈટ હાઉસ

વોશિંગ્ટન,

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે ૨૦ વધુ દેશોએ "અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શાંતિ બોર્ડમાં જોડાવા માટે સાઈન અપ કર્યું છે," જોકે તેમણે નવા સહભાગીઓના નામ જાહેર કર્યા નથી. તેમણે જણાવ્યું હતું કે શાંતિ બોર્ડ, જે મૂળ રીતે આગામી બે વર્ષ માટે ગાઝાના સંચાલનની દેખરેખ રાખવા માટે યુએન સુરક્ષા પરિષદ દ્વારા ફરજિયાત હતું, હવે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વિશ્વના અન્ય ભાગોમાં સંઘર્ષોને સંબોધવા માટે બનાવવામાં આવી રહ્યું છે.

તેણીએ સ્વીકાર્યું કે આ પહેલને કેટલાક પશ્ચિમી રાષ્ટ્રો તરફથી વિરોધનો સામનો કરવો પડ્યો છે જેઓ સંયુક્ત રાષ્ટ્રને બાજુ પર રાખવાના બોર્ડના પ્રયાસ તરીકે શું માને છે તે અંગે અસ્વસ્થ છે.

જોકે, લેવિટે ગાઝામાંથી છેલ્લા બાકી રહેલા ઈઝરાયલી બંધકની પરત ફરવાને ટ્રમ્પ, ઈઝરાયલ અને વૈશ્વિક સમુદાય માટે "વિશાળ વિદેશ નીતિ પરાક્રમ" ગણાવ્યું હતું. ટ્રમ્પે ૨૨ જાન્યુઆરીએ દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ખાતે "બોર્ડ ઓફ પીસ" પહેલનો ઔપચારિક રીતે પ્રારંભ કરવા માટે ચાર્ટર પર હસ્તાક્ષર કર્યા બાદ આ જાહેરાત કરવામાં આવી છે.

ટ્રમ્પે અગાઉ આ સંસ્થાને સંભવિત રીતે "સૌથી પ્રતિષ્ઠિત બોર્ડ" તરીકે વર્ણવી હતી. તેને "ખૂબ જ ઉત્તેજક દિવસ, લાંબા સમયથી નિર્માણમાં" ગણાવતા ટ્રમ્પે કહ્યું, "આપણે વિશ્વમાં શાંતિ સ્થાપવા જઈ રહ્યા છીએ," ઉમેર્યું, "અને આપણે બધા સ્ટાર છીએ."

પોતાના પ્રારંભિક ભાષણમાં, ટ્રમ્પે કહ્યું, "માત્ર એક વર્ષ પહેલા વિશ્વ ખરેખર આગમાં હતું, ઘણા લોકો તે જાણતા ન હતા," પરંતુ દાવો કર્યો કે "ઘણી સારી વસ્તુઓ થઈ રહી છે" અને વિશ્વભરમાં ધમકીઓ "ખરેખર શાંત થઈ રહી છે."

ટ્રમ્પે કહ્યું કે તેમનું વહીવટ "આઠ યુદ્ધોનું સમાધાન" કરી રહ્યું છે અને દાવો કર્યો કે યુક્રેનમાં રશિયાના યુદ્ધને સમાપ્ત કરવા તરફ "ઘણી પ્રગતિ" થઈ છે.

આ પહેલ યુએન સુરક્ષા પરિષદ દ્વારા મંજૂર કરાયેલ યુએસ રાષ્ટ્રપતિની ૨૦-પોઈન્ટ ગાઝા યુદ્ધવિરામ યોજનામાંથી ઉદ્ભવી હતી પરંતુ ત્યારથી તે તેના મૂળ અવકાશથી આગળ વધી ગઈ છે. વહીવટી અધિકારીઓએ જણાવ્યું હતું કે લગભગ ૩૫ દેશોએ જોડાવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, જ્યારે ૬૦ દેશોને આમંત્રણો મળ્યા છે, જેમાં ટ્રમ્પે સૂચવ્યું હતું કે નવી સંસ્થા હાલમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિયુક્ત ભૂમિકાઓ સંભાળી શકે છે.

ટ્રમ્પે ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ-ફત્તાહ અલ-સીસી સાથેની મુલાકાત દરમિયાન કહ્યું, "આપણી પાસે ઘણા મહાન લોકો છે જે જોડાવા માંગે છે," જેમના દેશે સભ્યપદની પુષ્ટિ કરી છે. તેમણે ઉમેર્યું હતું કે કેટલાક નેતાઓને પ્રતિબદ્ધતા દર્શાવતા પહેલા સંસદીય મંજૂરીની જરૂર હતી, જ્યારે અન્ય દેશો આમંત્રિત નથી તેઓ સમાવેશ ઈચ્છતા હતા.

# મમતા બેનર્જીએ અજિત પવારના વિમાન દુર્ઘટનાની સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માંગ કરી

કોલકાતા/મુંબઈ,

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે પુણે જિલ્લામાં થયેલા વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. જોકે, તેમણે આ ઘટનામાં ગોટાળાની શક્યતાનો સંકેત આપ્યો હતો અને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માંગ કરી હતી. બેનર્જીએ કહ્યું હતું કે પવારનું મૃત્યુ એવા સમયે થયું છે જ્યારે તેઓ શરદ પવારની પાર્ટીમાં પાછા ફરવાના હતા અને તેથી તેની તપાસ થવી જોઈએ.

અજિત પવાર શરદ પવારની પાર્ટીમાં પાછા ફરવાના હતા. વિમાન દુર્ઘટનાની તપાસ થવી જોઈએ. એજન્સીઓ વેચાઈ ગઈ છે, તેથી સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ થવી જોઈએ, "તેમણે કહ્યું.

જ્યારે જિલ્લાના બારામતી વિસ્તારમાં વિમાન ઉતરાણ કરી રહ્યું હતું ત્યારે આ ઘટના બની હતી, એમ તેમણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર સરકારે ૩ દિવસના રાજ્ય શોકની જાહેરાત કરી છે

વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા નાયબ મુખ્યમંત્રી અજિત પવારના માનમાં સરકારે સમગ્ર મહારાષ્ટ્રમાં ત્રણ દિવસના રાજ્ય શોકની જાહેરાત કરી છે.

સરકારની સૂચના મુજબ, ૨૮ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી સુધી રાજ્ય શોક મનાવવામાં આવશે, જે દરમિયાન રાષ્ટ્રીય ધ્વજ નિયમિતપણે લહેરાતા તમામ ઈમારતો પર અડધી કાઠીએ લહેરાશે, એમ વિભાગે એક સત્તાવાર સંદેશમાં જણાવ્યું હતું.

શોક સમયગાળા દરમિયાન કોઈ સત્તાવાર મનોરંજન યોજાશે નહીં, એમ વિભાગે વધુમાં જાહેર કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીના અવસાનના કારણે બુધવારે મહારાષ્ટ્રભરમાં તમામ રાજ્ય સરકારી કચેરીઓ બંધ રહેશે.

અંડર સેક્રેટરી એચ પી બાવિસ્કરના હસ્તાક્ષર હેઠળ જારી કરાયેલા સંદેશમાં સંબંધિત તમામ અધિકારીઓને તાત્કાલિક જરૂરી પગલાં લેવા અને સૂચનાઓનું કડક પાલન સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

# ટેક્સાસે રાજ્ય યુનિવર્સિટીઓ, એજન્સીઓ માટે વિઝા બંધ કર્યા

ટેક્સાસ,

ઉચ્ચ કૌશલ્ય ધરાવતા ભારતીયો માટે વધુ એક ફટકો, ટેક્સાસ રાજ્યએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ઈમિગ્રેશન પરના કડક પગલાંને સમર્થન આપ્યું છે અને રાજ્ય એજન્સીઓ અને યુનિવર્સિટીઓ માટે ૐ-૧ꠦ વિઝા અરજીઓ પર રોક લગાવવાની જાહેરાત કરી છે.

ગવર્નર ગ્રેગ એબોટ દ્વારા પુષ્ટિ કરાયેલ આ નિર્ણય, ટ્રમ્પે ૐ-૧ꠦ વિઝા અરજદારો માટે ઈ૧૦૦,૦૦૦ નો વધારો જાહેર કર્યાના થોડા મહિના પછી આવ્યો છે.એબોટ દ્વારા જારી કરાયેલા સત્તાવાર પત્ર મુજબ, ૐ-૧ꠦ વિઝા કાર્યક્રમના પરિણામે એવી નોકરીઓ મળી છે જે અમેરિકનો દ્વારા વિદેશી કામદારો પાસે ભરવી જોઈતી હતી."ખરેખર વિશિષ્ટ અને અપૂર્ણ શ્રમ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિશ્વભરના શ્રેષ્ઠ અને તેજસ્વી વ્યક્તિઓને આપણા રાષ્ટ્રમાં આકર્ષિત કરવાના તેના ઉદ્દેશ્યિત હેતુને પૂર્ણ કરવાને બદલે, આ કાર્યક્રમનો ઉપયોગ ઘણી વાર એવી નોકરીઓ ભરવા માટે કરવામાં આવ્યો છે જે અન્યથા ટેક્સાસ દ્વારા ભરાઈ શકે છે - અને થવી જોઈએ - ," ટ્રમ્પની રિપબ્લિક પાર્ટીના એબોટે લખ્યું.

હ્યુસ્ટન ક્રોનિકલ દ્વારા ટાંકવામાં આવેલા ફેડરલ ડેટા દર્શાવે છે કે ટેક્સાસમાં મોટાભાગના ૐ-૧ꠦ વિઝા અરજદારો ખાનગી કંપનીઓમાં કામ કરે છે.જોકે, જ્યારે જાહેર સંસ્થાઓમાં વિઝા અરજદારોની વાત આવે છે, ત્યારે ઘણા H-1B વિઝા ધારકો રાજ્ય યુનિવર્સિટીઓ અને હોસ્પિટલોમાં કાર્યરત છે.

# કર્મચારીએ કંપનીનો સોફ્ટવેર સોર્સ કોડ ચોરી ઈમેઈલ દ્વારા ૮૭ કરોડનો ડેટા ટ્રાન્સફર કર્યો

## આઈટી કંપનીના ભૂતપૂર્વ વરિષ્ઠ કર્મચારી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી

બેંગલુરુ,

કંપનીના માલિકીના સોફ્ટવેર સોર્સ કોડની ચોરી કરવાના આરોપમાં આઈટી કંપનીના ભૂતપૂર્વ વરિષ્ઠ કર્મચારી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ચોરાયેલા સોફ્ટવેર અને સોર્સ કોડની અંદાજિત કિંમત આશરે ૮૭ કરોડ છે. આરોપીની ઓળખ આશુતોષ નિગમ તરીકે થઈ છે, જે ફેબ્રુઆરી ૨૦૨૦ થી એમેડિયસ સોફ્ટવેર લેબ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લી.માં સિનિયર મેનેજર રિસર્ચ સાયન્ટિસ્ટ તરીકે કામ કરી રહ્યો હતો.

એફઆઈઆર મુજબ, ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ, આરોપીએ કંપનીની પરવાનગી અથવા કોઈપણ સત્તાવાર મંજૂરી વિના કંપનીમાંથી ગુપ્ત સોફ્ટવેર સોર્સ કોડ અને અન્ય સંવેદનશીલ ડેટાને અનધિકૃત રીતે ઍક્સેસ કર્યો અને તેને તેના વ્યક્તિગત ઈમેઈલ એકાઉન્ટ દ્વારા મોકલ્યો. કંપનીની આંતરિક તપાસ, રેકોર્ડ અને અહેવાલોના આધારે, જ્યારે આશુતોષ નિગમની પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેણે સોફ્ટવેર સોર્સ કોડ (ડેટા ચોરી) ની ચોરીની કબૂલાત કરી. પોલીસે જણાવ્યું કે આરોપીની કબૂલાત પણ કંપની દ્વારા વિડિઓ રેકોર્ડ કરવામાં આવી હતી. આ ઘટના બાદ, કંપનીએ ૩ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ આરોપીની સેવાઓ બંધ કરી દીધી.

એફઆઈઆરમાં જણાવાયું છે કે ચોરાયેલ સોફ્ટવેર અને સોર્સ કોડ આશરે ૮ મિલિયન યુરો (આશરે ૮૭ કરોડ) ની કિંમતનો છે. આ ઘટનાથી કંપનીને નોંધપાત્ર વ્યાપારિક નુકસાન થયું છે અને તેની બૌદ્ધિક સંપત્તિને નુકસાન થયું છે.

કંપનીના પ્રતિનિધિની ફરિયાદના આધારે, ૨૩ જાન્યુઆરીના રોજ વ્હાઈટફિલ્ડ સેન્ટ્રલ ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ સામે આઈટી એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે વધુ તપાસ ચાલી રહી છે.

# ઝારખંડના રામગઢમાં મૂર્તિ વિસર્જન દરમિયાન હિંસક અથડામણ

## પથ્થરમારાથી ૧૫ લોકો અને ૪ પોલીસકર્મી ઘાયલઃ ૧૦ લોકોની ધરપકડ

રામગઢ,

રાતના સમયે ઝારખંડના રામગઢ જિલ્લામાં લારી ગામમાં સરસ્વતી મૂર્તિ વિસર્જન શોભાયાત્રા હિંસક બની જતાં તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, અચાનક પથ્થરમારાથી ચાર પોલીસકર્મીઓ અને ઓછામાં ઓછા ૧૫ અન્ય લોકો ઘાયલ થયા હતા. રામગઢ સબ ડિવિઝનલ પોલીસ અધિકારી પરમેશ્વર પ્રસાદે જણાવ્યું હતું કે પોલીસે શોભાયાત્રા દરમિયાન વ્યવસ્થા જાળવવાનો પ્રયાસ કર્યો ત્યારે મુશ્કેલી શરૂ થઈ હતી. "લારી ગામમાં મૂર્તિ વિસર્જન દરમિયાન, પોલીસ કર્મચારીઓએ કાયદો અને વ્યવસ્થા જાળવવાનો પ્રયાસ કર્યો ત્યારે ભીડ હિંસક બની હતી. વિસર્જન શોભાયાત્રામાં ભાગ લેનારા લોકોએ અચાનક પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો શરૂ કર્યો હતો, જેના પરિણામે ચાર સુરક્ષા કર્મચારીઓ અને ઓછામાં ઓછા ૧૫ લોકો ઘાયલ થયા હતા," તેમણે ઉમેર્યું. ઘાયલ પોલીસકર્મીઓને સ્થાનિક હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને તરત જ છોડી દેવામાં આવ્યા હતા.

રાજરપ્પા પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરવામાં આવી છે અને દસ લોકોને પહેલાથી જ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. ઓફિસર-ઈન-ચાર્જ કૃષ્ણ કુમારે પુષ્ટિ આપી હતી કે આ કેસમાં ૪૨ લોકોનું નામ આપવામાં આવ્યું છે, જ્યારે ૧૫૦ અજાણ્યા લોકો પર પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી કે આ ઘટના સાંપ્રદાયિક નથી.

ઘર્ષ બાદ, પ્રદેશમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. અધિકારીઓ બાકીના આરોપીઓની ઓળખ કરી રહ્યા છે અને મૂલ્યાંકન કરી રહ્યા છે કે નિયમિત વિસર્જન શોભાયાત્રા દરમિયાન પરિસ્થિતિ આટલી ઝડપથી કેવી રીતે વણસી.

રવિવારે શરૂઆતમાં, લોહરદગા જિલ્લામાં દેવી સરસ્વતી મૂર્તિઓના વિસર્જન દરમિયાન બે જૂથો વચ્ચે ઈંટો મારવામાં ઓછામાં ઓછા સાત લોકો ઘાયલ થયા હતા, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. વિસર્જન સમારોહ દરમિયાન, કુડુ બ્લોક હેઠળના ઉર્મુડુ ગામમાં બે જૂથો વચ્ચે ઝઘડો થયો હતો. જ્યારે બંને જૂથોએ એકબીજા પર પથ્થરમારો શરૂ કર્યો ત્યારે ઝઘડો હિંસક બન્યો, જેના પરિણામે સાત લોકો ઘાયલ થયા, એમ અધિકારીએ જણાવ્યું હતું. દરમિયાન, શનિવારે રાત્રે હજારીબાગ જિલ્લાના કેરેદારી બ્લોકમાં મૂર્તિ વિસર્જન શોભાયાત્રામાં વાંધાજનક ગીતો વગાડવાને લઈને બે જૂથો વચ્ચે આવી જ પથ્થરમારો થયો હતો.

# કેનેડિયન પોલીસે ખંડણી, ગોળીબારના કેસમાં બે ભારતીયોની ધરપકડ કરી

ટોરોન્ટો,

કેનેડિયન કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા ખંડણી સાથે જોડાયેલા ગોળીબારના સંદર્ભમાં બે ભારતીય નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે આવા ગુનાથી સૌથી વધુ પ્રભાવિત શહેરના મેયરે ફેડરલ સરકારને આ સંદર્ભમાં આરોપિત બિન-નાગરિકોને ઝડપથી દૂર કરવા હાકલ કરી છે.

સ્થાનિક પોલીસે બ્રિટિશ કોલંબિયાના લોઅર મેઈનલેન્ડ પ્રદેશના સરે શહેરમાં કથિત ગોળીબારમાં સંડોવાયેલા શંકાસ્પદ વાહનને શોધી કાઢ્યું. વાહનને રોકવામાં આવ્યું હતું અને ડ્રાઈવર અને મુસાફરને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ત્યારબાદ અધિકારીઓએ માન્યું કે તેઓએ વિસ્તારમાં ગોળીબારનો અવાજ સાંભળ્યો છે.

ધરપકડ દરમિયાન એક લોડેડ હેન્ડગન મળી આવી હતી અને જપ્ત કરવામાં આવી હતી. આ કાર્યવાહી પ્રોજેક્ટ એશ્યોરન્સના ભાગ રૂપે કરવામાં આવી હતી, જે એક પહેલ છે જેમાં સરે પોલીસ સર્વિસ (SPS) "ખંડણી અને ખંડણી સંબંધિત ગોળીબાર દ્વારા લક્ષિત પડોશીઓ અને વ્યવસાયિક વિસ્તારોમાં સક્રિય રીતે પેટ્રોલિંગ કરે છે," મંગળવારે એક પ્રકાશનમાં જણાવાયું હતું.

૨૦ વર્ષીય હર્ષદીપ સિંહ પર મોટર વાહન ચલાવવાનો ખતરનાક આરોપ અને હથિયાર હોવાની જાણ હોવા છતાં વાહન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, અને ૨૧ વર્ષીય હંસપ્રીત સિંહ પર હથિયાર હોવાની જાણ હોવા છતાં વાહન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

બંને વિદેશી નાગરિક છે અને SPS એ આ બાબતે કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીનો સંપર્ક કર્યો છે.

દરમિયાન, સરેના મેયર બ્રેન્ડા લોકે ફેડરલ સરકારને વિનંતી કરી કે "કેનેડાભરના સમુદાયોને અસર કરતી ગેરવસૂલી કટોકટીનો સામનો કરવા માટે રાષ્ટ્રીય કટોકટીની સ્થિતિ જાહેર કરે અથવા સમાન અસાધારણ પગલાં લે".

મંગળવારે અંગ્રેજી અને પંજાબીમાં જારી કરાયેલ એક પ્રકાશનમાં, લોકે કહ્યું, "સરે સંગઠિત ગેરવસૂલી, ધાકધમકી અને લક્ષિત ગોળીબારના ગંભીર અને વધતા જતા સંકટનો સામનો કરી રહ્યું છે."

"સરે આ કટોકટીના ત્રીજા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. પોલીસ અને પ્રાંતીય પ્રયાસો છતાં, આ આંતરરાષ્ટ્રીય ગુનાઓ બંધ થઈ રહ્યા નથી, અને અમને સંપૂર્ણ પાયે રાષ્ટ્રીય પ્રયાસોની જરૂર છે," તેણીએ ઉમેર્યું.

સિટી કાઉન્સિલે કેનેડિયનો સામે ખંડણી હિંસા માટે કમિશનરની નિમણૂક કરવાની માંગ કરી છે અને ખંડણી, હથિયારોના ગુનાઓ અથવા ખંડણી સંબંધિત ગુનાહિત પ્રવૃત્તિમાં ભાગ લેવાના આરોપ અથવા દોષિત ઠરેલા બિન-નાગરિકોને ઝડપી કાઢી નાખવા સહિતના પગલાં અમલમાં મૂકવાની માંગ કરી છે.

# દ્વારકામાં દેવી ભાગવત કથા, મહાચંડી યજ્ઞ અને મહારુદ્ર અભિષેકમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિ

## દ્વારકાધીશજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી, રાજ્યના નાગરિકો માટે સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી પાદુકા પૂજન કર્યું






દ્વારકા : ભગવાન દ્વારકાધીશના આર્શિવાદ પ્રાપ્ત કરી દ્વારકાના નાગેશ્વર રોડ ખાતે સ્વ. વિરમભા આશાભા માણેકની પ્રેરણાથી દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક દ્વારા આયોજિત વિશ્વ કલ્યાણ અર્થે આયોજિત દેવી ભાગવત કથા અને શ્રી મહાચંડી યજ્ઞ અને ૧૦૦૮ મહારુદ્ર અભિષેકમાં સંમેલિત થયા હતા. મુખ્યમંત્રીએ નેપાળી બાબા (પરમ તપસ્વી સંત આત્માનંદદાસ મહાત્યાગી)ના આશીર્વાદ મેળવી વિષ્ણુ લોક હવન યજ્ઞશાળા અને શિવ લોક નામ જપ યજ્ઞશાળાની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, તા.૩૧ જાન્યુઆરી,૨૦૨૬ સુધી આયોજિત આ ધાર્મિક આયોજનમાં ભારતભરમાંથી ૨૧ હજાર બ્રાહ્મણો દ્વારા ૫૮ કરોડ જાપ કરવામાં આવી રહ્યાં છે તેમજ દેશભરમાંથી સાધુ,સંતો,મહાત્માઓ આ આયોજનમાં સંમેલિત થયા છે. મુખ્યમંત્રીની મુલાકાત વેળાએ ધારાસભ્ય પબુભા માણેક, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય મુળુભાઇ બેરા, કલેકટર રાજેશ તન્ના, પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા સહિત સ્થાનિક પદાધિકારીઓ, સંતો, મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

## ખંભાળિયા તાલુકાના ઝાકસીયા ગામના તળાવમાં ડૂબી જવાથી પ્રૌઢનું મોત



તસ્વીર : નિરજ દત્તાણી

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના ઝાકસીયા ગામના તળાવમાં નહાવા જતા ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા નાના આસોટા ગામના પ્રૌઢનું મોત નિપજ્યું હતું. આ બનાવની મૃતકના ભાઈએ જાણ કરતા સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને વધુ તપાસ આરંભી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના નાના આસોટા ગામમાં રહેતા હમીરભાઇ લખમણભાઇ ખૂંટી નામના પ્રૌઢ ઝાકસીયા ગામની ખીમાપાટના તળાવમાં નહાવા ગયા હોય દરમિયાન અકસ્માતે નહાતી વખતે ઉંડા પાણીમાં તણાઈ જતા અને ડુબી જવાથી તેઓનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ જુઠાભાઇ લખમણભાઇ ખુંટીએ ખંભાળિયા પોલીસમાં જાણ કરતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## મકરાણી સણોસરા ગામે હૃદયરોગનો હુમલો યુવાનને ભરખી ગયો

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મકરાણી સણોસરા ગામે રહેતા એક યુવાનને હૃદયરોગનો હુમલો આવતા તેમનું મૃત્યુ નિપજ્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાલાવડ તાલુકાના મકરાણી સણોસરા ગામમાં રહેતા અને મજૂરી કામ કરતા જેન્તીભાઈ ચનાભાઈ રાઠોડ નામના ૪૪ વર્ષના યુવાનને ગઈકાલે પોતાના ઘેર એકાએક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો, અને બે શુદ્ધ બન્યા હતા. જેઓને સારવાર માટે કાલાવડની સરકારી હોસ્પિટલમાં લઈ જવાતાં ફરજ પરના તબીબે તેમને હાર્ટ એટેક આવી ગયો હોવાથી મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પુત્ર સાવનભાઈ જેન્તીભાઈ રાઠોડએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે ઘટના સ્થળે, અને ત્યારબાદ કાલાવડની સરકારી હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો છે અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં પોલીસ ભરતી પ્રક્રિયાની દોડમાં ચાલાકી કરનાર બે ઉમેદવારો સામે ગુનો નોંધાયો

## એક ઉમેદવારે દોડની બન્ને ચીપ અન્યને આપી પરીક્ષા પાસ કરવાનો પ્રયાસ કર્યાનું સામે આવ્યું

જામનગર : જામનગર સહીત રાજ્યભરના જુદા જુદા કેન્દ્રો પર હાલ પોલીસ ભરતી બોર્ડ દ્વારા પ્રેક્ટીકલ પરીક્ષાઓ ચાલી રહી છે. આ પ્રક્રિયા દરમિયાન જામનગરમાં પોલીસ હેડક્વાટર ખાતે ચાલતી પરીક્ષામાં બે ઉમેદવારોની ચાલાકી (ગેરરીતી) સામે આવી છે. એક ઉમેદવારે દોડની બંને ચીપ અન્ય ઉમેદવારને આપી પરીક્ષા પાસ કરવાનો છેતરપીંડીભર્યો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે જેને લઈને પરીક્ષા ડ્યુટી સાથે સંકળાયેલા પોલીસ અધિકારીએ બંને શખ્સો સામે સીટી બી. ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર પોલીસ હેડક્વાટર ખાતેના ગ્રાઉન્ડમાં પોલીસ ભરતી પ્રક્રિયા અંતર્ગત હાલ પ્રેક્ટીકલ પરીક્ષા ચાલી રહી છે. અહી દરરોજ ૧૬૦૦ ઉમેદવારોને પરીક્ષા માટે બોલાવવામાં આવી રહ્યા છે. ગત તા. ૨૧મીના રોજ ૯૦૮ ઉમેદવારો પરીક્ષા આપવા માટે પોલીસ હેડક્વાટર પહોચ્યા હતા. ઉમેદવારો પાસેથી જરૂરી ડોક્યુમેન્ટ લઈ ગ્રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. એક ગ્રુપમાં ૨૦૦ ઉમેદવારોને એક સાથે દોડ કરાવવામાં આવે છે. દરેક ઉમેદવારે જયારે પોતાનો વારો જે ગ્રુપમાં આવે, ત્યારે દોડ માટે નિયત કરવામાં આવેલી પાંચ હજાર મીટરનું અંતર ૨૫ મિનીટમાં પૂર્ણ કરવાનું રહે છે.

જેમાં ગ્રુપ ત્રણમાં પોતાનો વારો આવતાં મૂળ ગોંડલના બેટીવડ ગામના અને હાલ ગોંડલ એસઆરપી ગ્રૂપમાં નોકરી કરતા અર્જુનસિંહ સુખુભા જાડેજા અને તેના જ ગામના શિવભદ્રસિંહ દશરથસિંહ જાડેજાએ દોડ માટે તૈયારી કરી હતી. આ ૨૦૦ ગ્રુપની દોડ પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦ પૈકી એક ઉમેદવાર એટલે કે અર્જુનસિંહને દોડ માટે આપવામાં આવેલ રનીંગ ચીપ રીડ નહી થતી હોવાની જાહેર કરવામાં આવી હતી. જેને લઈને પરીક્ષાના ગ્રાઉન્ડ ઈન્ચાર્જ સેનાપતિ કોમલ વ્યાસએ લગત એજન્સીને સાથે રાખી છેક ગાંધીનગર ખાતેના સેન્ટ્રલ કંટ્રોલ રૂમના ડેટા ચકાસવા આદેશ કર્યો હતો. જેમાં અર્જુનસિંહની ચીપ રીડ નહી થતી હોવાની હકીકત સામે આવી હતી.

આ બાબતે અર્જુનસિંહને પૂછતાં સમગ્ર હકીકત સામે આવી હતી. એસઆરપીમાં નોકરી કરતા અર્જુનસિંહથી દોડાતું નહી હોવાથી તેની જ બેંચમાં રહેલાં તેના સાથી મિત્ર ઉમેદવાર શિવભદ્રસિંહને પોતાના પગની બંને ચીપ આપી દીધી હતી. દોડ શરુ થતા પૂર્વે જ મિત્રને ચીપ આપી દઈ અને છેક બારમાં રાઉન્ડમાં પોતાના મિત્ર પાસેથી ચીપ પરત લઇ અર્જુનસિંહે દોડ પાસ કરવાનો પ્રયાસ કર્યો હોવાનુ સામે આવ્યું હતું.

દોડ પૂર્વે પરીક્ષા સંભાળતી ખાનગી એજન્સી દરેક ઉમેદવારોને બંને પગે ઈલેક્ટ્રિક ચીપ (દોડના નિશ્ચિત રાઉન્ડ અને સમય જોવા માટેની) બાંધે છે. આરોપી અર્જુનસિંહે દોડ શરુ થાય એ પૂર્વે પોતાના પગે બાંધેલી ચીપની પ્લાસ્ટિકનું લોક તોડી નાખી પોતાના મિત્રને આપી દીધું હતું. મિત્રએ દોડ પૂર્ણ કર્યા બાદ ચીપ પરત ઉમેદવાર એસઆરપી જવાનને આપી દોડ પાસ કરાવી દીધી હોવાનું સામે આવ્યું હતું.

જેને લઈને દોડ વિભાગ સંભાળતા લીવ રિજર્વ પીઆઈ જયપાલસિંહ સોઢાએ બંને ઉમેદવારો સામેં સીટી બી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પી.આઈ. પી.પી. ઝા સહિતના સ્ટાફે બંને આરોપીઓની ધરપકડ સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દ્વારકા હેલિપેડ ખાતે મુખ્યમંત્રીનું સ્વાગત




દ્વારકા : રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજરોજ દ્વારકા ખાતે પધારતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મુળુભાઇ બેરા, જિલ્લા કલેકટર રાજેશ તન્ના, જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોર, પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, પ્રાંત અધિકારી અમોલ આવતે, અગ્રણી મયુરભાઈ ગઢવી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# મોવાણ ગામે ધાર્મિક કાર્યક્રમમાં સોનાના દાગીના સેરવી લેનાર ચાર મહિલા સહિત પાંચની ધરપકડ

## ભીડનો લાભ લઈ શ્રદ્ધાળુ સ્ત્રીઓના ગળા અડવા કરતી હતી, રૂ. ૭.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે



તસ્વીર : નિરજ દત્તાણી

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના મોવાણ ગામના પાટીયા પાસે ચારેક સપ્તાહ પૂર્વે ધાર્મિક કાર્યક્રમમાં ભીડનો લાભ લઈ મહિલાઓના ગળામાંથી સોનાના ચેન અને માળા સેરવી લેવાના ગુન્હામાં એલસીબી પોલીસે રાજકોટની કુખ્યાત દાતણિયા ગેંગ સાથે સંકળાયેલી ચાર મહિલા સહિત પાંચ શખ્સને ઝડપી લઇ ભેદ ઉકેલી તેઓ પાસેથી અંદાજિત ૭.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ મોવાણ ગામના પાટીયા પાસે ગત તારીખ ૨૮ ડિસેમ્બરના રોજ ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં હંસ્થળ ગામના હિમીબેન તેમજ અન્ય શ્રદ્ધાળુ મહિલાઓના ગળામાં પહેરવાના સોનાના ચેન, સોનાની માળાઓ સહિતના રૂપિયા ૪.૬૫ લાખની કિંમતના દાગીનાની કોઈ તસ્કરો ચોરી કરી લઈ જતા ખળભળાટ મચી ગયો હતો. અને ફરિયાદ બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી દરમિયાન એલસીબી દ્વારકા પોલીસને બાતમી મળતા સક્રિય એવી રાજકોટની દાતણિયા ગેંગના સાગરીતોની આ ગુન્હામાં ખંભાળિયાના ખામનાથ પુલ પાસેથી ધરપકડ કરવામાં આવી છે જેમાં લાભુબેન પોલાભાઈ કાંજિયા, પ્રભાબેન કિશનભાઇ સોલંકી, મીનાબેન જીવનભાઇ કાવઠિયા, જનાબેન અજીતભાઈ સોલંકી અને બબલુ ધીરુભાઈ ઉધરેજીયા નામના પાંચ શખ્સને ઝડપી લઇ તેઓના પાસેથી ચોરાઉ દાગીના સહિત કુલમળી રૂપિયા ૭.૬૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ઝડપાયેલા આરોપીઓને સ્થાનિક પોલીસના હવાલે કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે ઝડપાયેલ ચાર મહિલા પૈકી ત્રણ સામે અગાઉ રાજકોટના થોરાળા, લોધીકા, આજીડેમ, રાજકોટ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ચોરી અને પ્રોહી. એક્ટ હેઠળ જુદા જુદા ગુન્હા નોંધાયા છે. આરોપી મહિલાઓ ધાર્મિક કાર્યક્રમમાં આવતા જતા શ્રદ્ધાળુઓની ભીડનો લાભ લઇ તેમજ ધક્કામૂકી કરી બાદમાં સ્ત્રીઓના ગળા અડવા કરતા હોવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હોવાનું સામે આવ્યું છે.

## ધ્રોલમાં બાળકીને ઉઠાવી જનાર શખ્સ ઝડપાયો, બાળકીને તબીબી ચકાસણી હાથ ધરાઈ



જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળ પંથકમાં વાડી વિસ્તારમાંથી પાંચ વર્ષની બાળકીનું અપહરણ થયું હતું, અને તેણીને ઉઠાવી જનાર બાજુની વાડીમાં કામ કરતા મૂળ મધ્ય પ્રદેશ કાજુ હટુ બુંદેલીયા સામે અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

ધ્રોલ પોલીસ દ્વારા આ મામલે તુરતજ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો, અને જુદા જુદા સીસીટીવી કેમેરાઓ મારફતે ડબલ સવારી બાઈકમાં બાળકી ને વચ્ચે બેસાડીને લઈ જતા સીસીટીવી ફૂટેજ મળ્યા હતા.

જે અંગે ઊંડાણપૂર્વકની તપાસ બાદ પાંચ વર્ષની બાળકી સાથે કાજુ હટુ બૂંદેલીયા પોલીસના શકંજામાં આવી ગયો છે, જેને ધ્રોલ પોલીસ મથકમાં લઈ આવ્યા બાદ ઘનિષ્ઠ પૂછપરછ ચલાવાઈ રહી છે. ઉપરાંત તેની સાથે રહેલી પાંચ વર્ષની બાળકીને ધ્રોળની સરકારી હોસ્પિટલમાં લઈ જઈ તેની તબીબી ચકાસણી કરવામાં આવી રહી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપી બાળકીનો કુટુંબ મામો થતો હોવાનું જણાવ્યું હતું, અને બાળકીને ખાવા પીવાની ચીજ વસ્તુ લઈ દેવા માટે પોતે પડધરી ટાઉનમાં આવી રહ્યો હતો, અને રસ્તામાં એક બાઈક સવાર ધ્રોળ તાલુકાના ગરેડીયા ગામના એક યુવાન પાસેથી લિફ્ટ માગી હતી, અને તેમાં પાછળ બેસીને ગયો હોવાનું જણાવ્યું હતું. પોલીસ દ્વારા બાઈક સવારની પણ પૂછપરછ ચલાવવામાં આવી છે.

## જામનગરમાં જુના મનદુ:ખમાં માતા-પુત્ર પર ચાર શખ્સોએ હુમલો કરી વાહનમાં તોડફોડ

જામનગર : જામનગરમાં રણજીતનગર હુડકો વિસ્તારમાં રહેતી એક મહિલાએ પોતાના ઉપર તેમજ પોતાના પુત્ર ઉપર હુમલો કરી ઘરની બહાર પાર્ક કરેલા વાહનમાં તોડફોડ કરી નાખવા અંગે ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે.

જામનગરમાં રણજીતનગર જુનો હુડકો વિસ્તારમાં રહેતી દિવ્યાબેન રાહુલભાઈ રાઠોડ નામની ૩૯ વર્ષની મહિલાએ પોતાના ઉપર તેમજ પોતાના પુત્ર મોહિત ઉપર જુની અદાવતના કારણે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે, તેમજ પોતાના ઘરની બહાર પાર્ક કરેલા એક્સેસ સ્કૂટરમાં તોડફોડ કરી નુકસાની પહોંચાડવા અંગે જામનગરમાં રહેતા ધ્રુવરાજસિંહ ગોહિલ, યુવરાજસિંહ જાડેજા, યુવરાજસિંહનો દીકરો, અને ફરદીન નામના એક સાગરીત સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી દિવ્યાબેનના પુત્ર મોહિતને આજથી એક મહિના પહેલા આરોપી ધ્રુવરાજસિંહ ગોહિલ સાથે બોલાચાલી થઈ હતી, જેનું મન દુઃખ રાખીને આ હુમલો અને તોડફોડ કરાઈ હોવાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે. જે મામલે પોલીસ ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી તમામની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરમાં મફતમાં મસાલો ખાવાના પ્રશ્ને બે યુવાન પર ચાર શખ્સોનો હુમલો

જામનગર : જામનગર શહેરના અંધાશ્રમ વિસ્તારમાં એક શખ્સે દુકાનમાં મફતમાં મસાલો લેતા અને તેને સમજાવવા જતા તેની સાથેના ચાર જણાએ ભેગા મળી બે યુવાનને મારકૂટ કરી પતાવી દેવાની ધમકી આપી હતી તેમજ જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં અંધાશ્રમ પાછળ શિવપાર્ક સોસાયટી ખાતે રહેતો નારણભાઈ ડોસાભાઇ ડગરા નામનો યુવાન અને તેનો મિત્ર પાન મસાલાની દુકાને ગયા હોય ત્યારે કિશોરભાઈ નામના વ્યક્તિ હાજર હોઈ ત્યાં અસલમ જુમાભાઇ સોઢા નામનો શખ્સ મફતમાં મસાલો લેતો હોય આથી તેને સમજાવવા જતા તેણે નારણભાઈ સાથે બોલાચાલી કરી ખાર રાખી હાથમાં લાકડાનો ધોકો, તલવાર સાથે અસલમ તેમજ હારુન ઉર્ફે ભોલો, સાહિલ હાલા અને સુજલ કોળી નામના ચારેય શખ્સે ગાળો કાઢી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી નારણભાઈ તેમજ કિશોરભાઈ ને મારકૂટ કરી શરીરે નાની મોટી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચારેય શખ્સ સામે નારણભાઈ ડગરાએ સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે .

# જામનગરના મોડા ગામે વીજકર્મીની ફરજમાં રૂકાવટ કરનાર ચારથી વધુ સામે ફરિયાદ

**ગાલમાં ફડાકો મારી પુરાવાનો નાસ કરી નાખી મારી નાખવાની ધમકી આપી**

જામનગર : જામનગર તાલુકાના મોડા ગામે એક રહેણાંક મકાનમાં વીજચેકીંગ દરમિયાન મકાનમાલિક સહિત ચારથી વધુ શખ્સોએ કર્મચારીને ફડાકો મારી ધમકી આપી તૈયાર કરવામાં આવેલ પુરાવાનો નાસ કરી ફરજમાં રૂકાવટ કરવા સબબ વીજતંત્રના કર્મચારીએ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી આરંભી હતી.

આ બનાવની મળતી વિગતો પ્રમાણે ધોરાજી ગામે રહેતા અને પીજીવીસીએલમા ફરજ બજાવતા સુલેમાનભાઈ સુમારભાઈ દોઢિયા જામનગર તાલુકાના મોડા ગામમા ટીમ સાથે ગજેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજાના રહેણાંક મકાને વીજચેકીંગ અર્થે ગયા હોય આ વેળાએ ગજેન્દ્રસિંહ અને તેના ભાઈ તથા અરવિંદસિંહ સતુભા જાડેજા વિગેરેએ ભૂંડી ગાળો કાઢી ઝપાઝપી કરી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી મોબાઈલ ફોનમાં ઉતારવામાં આવેલ ફોટોગ્રાફી કાઢી નાખી ઉપરાંત કામગીરીના કેસ કાગળો ફાડી નાખી પુરાવાનો નાસ કરી નાખ્યો હતો ઉપરાંત સુલેમાનભાઈને ડાબા ગાલ ઉપર ફડાકો મારી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરતા તેઓએ તમામ સામે પંચકોષી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.